વર્ષ—૭
અંક—૬

# અધ્યાત્મ

માર્ચ - ૧૯૮૬.



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી

કરું છું એના ચરણે કોટિ પ્રણામ



ટોરોન્ટો ધ્યાનકેન્દ્ર-(કેનેડા)નો સંદેશ

# દ્વિતીય લીલા સંવરણ

"રામકૃષ્ણ ને બુદ્ધ ને જ્ઞાનેશ્વર શંકર
યોગેશ્વરરૂપે હરિ અગણિત હો વંદન."

જીવનમાં કોઈ સંતપુરુષનું સાન્નિધ્ય તમને સાંપડ્યું હોય તો માનજો કે તમે ભાગ્યશાળી છો. એથી વિશેષ એમનો અંગત પરિચય અને એમની કૃપા મળી હોય, એમના આંતરિક જીવનમાંથી પ્રેરણા પ્રાપ્ત થઇ હોય અને એમનો અનુગ્રહ સંપાદિત કર્યો હોય તો સમજજો કે તમે ખરેખર સુસંસ્કારોનો વારસો લઈ આવેલા જીવ છો. ઉત્તર અમેરિકા અને કેનેડા જેવા દૂરના દેશોમાં વસતા, યોગેશ્વર પરિવારના સભ્યો, અને પૂ. શ્રી યોગેશ્વરજી તથા પૂ. મા સર્વેશ્વરીના સત્સંગ અને ધર્મઉપદેશનો ૧૯૭૮ અને ૧૯૮૧માં લાભ લઇ ચૂકેલા સાધક ભાઇબહેનો આજના પવિત્ર દિવસે પૂ. શ્રીને, પ્રેમાંજલિ અર્પણ કરીએ છીએ.

જેમના સ્નેહ, ઔદાર્ય, જ્ઞાન, ધર્મઉપદેશ અને પ્રેમે અમને ભક્તિમય જીવન જીવવા પ્રેરણા આપી અને જેમના અનુગ્રહથી અમારામાં શ્રદ્ધા અને વિશ્વાસ વધ્યાં. તેવા ગુરુદેવ પૂ. શ્રી યોગેશ્વરજીને અમે અંતરથી પ્રાર્થીએ છીએ કે પૂ. શ્રી જ્યાં પણ હો ત્યાંથી અમને આશીર્વાદ આપે કે જેથી અમારું જીવન દિનપ્રતિદિન ઉન્નત, ભક્તિ સભર અને હેતુલક્ષી બને.

"સર્વેશ્વરીના જીવનમાં જીવંત બેઠા આપ
સંસારી વિષયી વળી જોતા અચરજ સાથ."

હે સર્વેશ્વરી, હે કરુણેશ્વરી ચરણે તારા સદા પ્રણામ ।

સાધકભાઈબહેનો

—યોગેશ્વર ધ્યાનકેન્દ્ર, ટોરોન્ટોના સૌજન્યથી

યોગેશ્વર મહાપ્રભુ બ્રહ્મલોક નિવાસીન,
નમુ તમને, નમુ તમને, કોટિ-કોટિ નમુ નમુ.



પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજી
પ્રાકટ્ય દિન : ૧૫ ઓગસ્ટ, ૧૯૨૧. લીલા સંવરણ : ૧૮ માર્ચ, ૧૯૮૪.

## અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| કહ્યું તેજ કર્યું | મા સર્વેશ્વરી | ૩ |
| આપણને શું આપ્યું ? | નારાયણ હ. જાની | ૧૩ |
| ઉગમણે પંથે | ઈશ્વરભાઇ પરમાર્થી | ૧૭ |
| તીવ્ર તલસાટ | મહેન્દ્રકુમાર દેસાઇ | ૨૩ |
| અભિમુખ થા | ડૉ. રણજિત પટેલ | ૨૪ |
| ઓળખો આપણા મનને (૫) | મંગળભાઇ પંચાલ | ૨૫ |
| મોક્ષ | અંબાલાલ વ. પટેલ | ૩૦ |
| હરિરસની હેલી | ગોરધનભાઈ કલોલા | ૩૫ |
| ઈશ્વરથી અભિન્ન થવાનું સાધન | ઈશ્વરભાઇ શાહ | ૪૩ |
| ભાવાંજલિ | રતિલાલ ભાવસાર | ૫૦ |
| પ્રકાશના પંથે | પરમાર્થી | ૫૪ |
| રામકથા | યોગેશ્વરજી | ૬૧ |




# અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો
—મા સર્વેશ્વરી

વર્ષ : ૭ માર્ચ-૧૯૮૬ અંક : ૬

## કહ્યું તેજ કર્યું

—મા સર્વેશ્વરી



[પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીએ તા. ૧૮-૩-૮૪ના રોજ પોતાના પાર્થિવ તનુનો પરિત્યાગ કરી, લીલા સંવરણ કર્યું. ઘણાંને લાગ્યું કે પૂ. શ્રી કોઇને પણ કહ્યા સિવાય આમ એકાએક કેમ વિદાય થઇ ગયા ? પરંતુ આપણને લાગતી આ અણધારી વિદાય વિષે પૂ. શ્રી એ પોતે ઘણા સૂચક ઉદ્ગારો

કાઢેલા. તેનો મર્મ તે વખતે સમજાયેલો નહિ. પરંતુ પૂ. મા શ્રી સર્વેશ્વરીના આ લેખ ઉપરથી આપણે જોઈ શકીએ છીએ કે પૂ. શ્રી પોતાના લીલા સંવરણના દિન વિષે સંપૂર્ણ જાણકાર હતા. છતાં એ 'અતિજ્ઞાનને' એ મહાપુરુષે કેવા અજબ ધૈર્ય સાથે જીરવ્યું ને જીવનના છેલ્લા શ્વાસ સુધી લોકસંગ્રહનું કામ કરતા રહ્યા, એ ઘટનાજ એમની મહાનતાની દ્યોતક છે.

પોતાની રોજનીશીની નોંધોના આધારે પ. પૂ. માશ્રી સર્વેશ્વરીએ સાતસો કરતાં વધુ ઉપવાસો થયા છતાં ખાસ પરિશ્રમ લઈ, પૂ. શ્રીની બીજી પુણ્યતિથિ નિમિત્તે આ લેખ તૈયાર કરી આપ્યો તે બદલ અમે તેમના ઋણી છીએ. પૂ. શ્રીના સતત સાન્નિધ્યના પરિણામે પૂ. મા આપણને આ માહિતી આપી શકયાં છે, જે એક દસ્તાવેજી પુરાવા સમાન છે.

—તંત્રી]

પૂ. શ્રી યોગેશ્વરજીની હૃદયરોગની માંદગી નિમિત્તે અમારો પ્રવેશ એ જીવનમાં નિશ્ચિત બન્યો.

સાથે રહેવાનું સદ્ભાગ્ય મળ્યું. તદ્દન નજીકથી આત્મદર્શી મહાપુરુષના જીવનનું દર્શન કર્યું. મન, કર્મ, વચનથી એ પવિત્ર પૂર્ણ પ્રતિભાસંપન્ન મહાપુરુષનું છત્ર પૂર્વના પુણ્યે જ સાંપડયું એ હકીકત સ્વીકારવી જ પડે.

ફરીથી પૂ. શ્રીને માંદગી આવે તો કોને સેવાનું સદ્ભાગ્ય મળશે એવી વાત એકવાર નીકળતાં પૂ. શ્રીએ કહ્યું: 'કોઇની પણ સેવા શા માટે લેવી પડે! સેવા લીધા વિનાજ વિદાય ના થઇએ? વળી સૌને કહીને જઈશુ 'જુઓ અમે ચાલ્યા.'

પ્રવચનોમાં ઘણીવાર પ્રસંગોપાત પૂ. શ્રી કહ્યા કરતા કે બધાજ રજા માંગે ને રવિવારની રજા પણ માણે. પરંતુ અમારે તો રવિવારની પણ રજા નહીં. પ્રાર્થના, સત્સંગ, લેખન,



પ્રવચન બધું જ નિયમિત કર્યાં જ કરીએ છીએ.

પૂ. શ્રી નાં માતાજી પૃથ્વી પરથી વિદાય લે તે પહેલા એક વર્ષથી પૂ. શ્રી એ વાત જાણતા હતા. અમારી ઝામ્બીયાની ડાયરીમાં તે ભવિષ્યદર્શન પૂ. શ્રીએ લખ્યું પણ હતું. જે બીજાના ભવિષ્યને પરમ શક્તિની કૃપાથી જાણી શકે તે શું પોતાના ભવિષ્યથી અજાણ હશે? ના, પૂ. શ્રી ને સંપૂર્ણ ખ્યાલ હતો તેથીજ અવારનવાર વાતોમાં કહેતા તમે અમારે માટે આટલો ત્યાગ કર્યો તો હવે તમારે કોઈપણ પ્રકારનું કષ્ટ ના વેઠવું. તમને જરાપણ દુઃખ ના પડવું જોઇએ. ઘણાં ગુરુઓ શિષ્યોનું ધ્યાન નથી રાખતા, તેવો હું નથી. મારે ભરોસે આવનારને હું સર્વપ્રકારે ધ્યાન રાખવા પ્રયત્ન કરૂ જ છું.

અને એ મન, કર્મ, વચને સત્યનિષ્ઠ મહાપુરુષે અમારી ૧૯૮૨ની ભયંકર માંદગી પ્રસંગે મનોમન દૃઢ નિશ્ચય કરી લીધો કે એક નાનકડું સ્વતંત્ર નિવાસ સ્થાન જરૂરી છે જેથી આપણા બન્નેમાંથી કોઇની પણ તબિયત બગડી તો કામ આવે. ભક્તોનો ભાવ હોય ન હોય તો તે વખતે પણ આપણું સ્વતંત્ર નાનું સ્થાન હોય તો સારૂ.

અને પરમ શક્તિની આજ્ઞા–ઇચ્છા મુજબ પૂ. શ્રીએ ૧૯૮૩ માર્ચમાં અમદાવાદમાં જ સ્થાન અંગેની ઇચ્છા જાહેર કરી. શ્રી બાબુભાઈએ એ સ્થાન બતાવ્યું ને ૧૯૮૩ના ઓગષ્ટમાં તો 'સત્યપથ' નામના સકલ એપાર્ટમેન્ટના નાનકડા સ્થાનમાં પૂ. શ્રીએ પોતાનો સ્વતંત્ર નિવાસ શરૂ કરી દીધો. સત્યપથની માલિકી પણ ટ્રસ્ટની નહીં, પોતાની તથા સર્વેશ્વરીની જ રાખી.

અને સત્યપથમાં રહેવા આવ્યા ત્યારપછીના થોડા જ દિવસોમાં પૂ. શ્રીએ અમને સૂચના આપી. આ સત્યપથ કોઇ દિવસ કોઇને પણ ભાડે ના આપવું. એને ટ્રસ્ટમાં પણ ના આપવું. આ તો આપણા બે માટે રહેવાનું સ્વતંત્ર

સ્થાન છે. તો તે સ્થાન સ્મૃતિ તરીકે જ રાખવું.

સત્યપથમાં આવી વિદેશયાત્રાની તસ્વીરોનાં આલબમ્બ અમે રાતે જાગીને પણ બનાવ્યાં. પૂ. શ્રી તે ખૂબ રસપૂર્વક જોતા ને પ્રશંસા કરતાં વિવિધ તસ્વીરોને નોંધ જોઈ પૂ. શ્રીએ સૂચના આપી કે આપણી વિદેશયાત્રાની મુખ્ય મુખ્ય તસ્વીરો આ બધી ભીંત ઉપર લગાડી દો ને નીચે સ્થળ, તારીખની નોંધ પણ મૂકો. અમે દલીલ કરતાં કહ્યું 'મહાત્માજી આ સત્યપથ તો પ્રદર્શનનો હોલ જાણે થઇ જાય.' પૂ. શ્રીએ તરત જ કહ્યું 'સત્યપથ સ્મૃતિ તરીકે રહે ત્યારે દર્શનાર્થીઓને પૂછવું જ ના પડે. વાંચી લે.'

મુખ્યખંડમાં સરસ્વતીદેવી, ભગવાન શ્રી કૃષ્ણની, બુદ્ધ-ની તસ્વીર નીચે પૂ. શ્રીએ શું લખવું તેની સૂચના આપતાં કહેલું કે સરસ્વતી દર્શન સ્વપ્નમાં થયેલું વિગેરે.

પૂ. શ્રી જેવા ત્યાગી મહાપુરુષની ભૌતિક સંપત્તિમાં એમની હસ્તપત્રની પેટી તથા હિમાલય જતા ત્યારની પેટી વિ. તે પણ મણીનગરથી લાવીને પોતાના આ સત્યપથના નિવાસમાં ગોઠવી દેતાં કહ્યું 'આ પેટી ઉપર લખવું કે યોગેશ્વરજી હિમાલય જતા ત્યારે આ પેટી લઇ જતા' વિ. વળી એ પેટીમાંથી ત્રણ કફની નીકળી. પૂ. શ્રીએ રમૂજ કરતાં કહેલું કે તમે મને આ વેશમાં નથી જોયો ખરૂં? અમે કહ્યું: જોયા છે, આપે અમને ૧૯૭૯ની દિવાળીમાં મૂળ સર્વેશ્વરી તીર્થમાં એ વેશ પહેરીને બતાવેલો એટલું જ નહીં, પણ આપ કીર્તન કેવી રીતે કરતા તે પણ આપે બતાવેલું. પરન્તુ હવે આ કફની નરેન્દ્રભાઈ, બાબુભાઈ, કાન્તિભાઇને પ્રસાદમાં-આપી દઇએ તો ? પૂ. શ્રીએ સાફ ના પાડતા જણાવ્યું, "ના, ના. આ તો સત્યપથ અંબાજી ને વડોદરામાં સ્મૃતિ તરીકે મૂકવાની છે."



સત્યપથમાં પરોક્ષરીતે અમને સત્સંગની તાલીમ પણ આપી. સત્યપથના દરરોજના સત્સંગમાં અમારી નોંધપોથીનું વાચન, ભજન, ધૂન ને પૂ. શ્રીની જ પ્રવચનની કેસેટ પૂ. શ્રી જ જાતે વગાડવાનું કહેતા અને જાણે એ તાલિમ પણ એમણે આપી દીધી.

સર્વમંગલ ચેરીટેબલ ટ્રસ્ટમાં પરમપૂજ્ય માતાજી જ્યોતિર્મયીની વિદાયપછી પૂ. શ્રીએ અમારી ના છતાં, અમને ટ્રસ્ટી તરીકે નીમ્યાં ને વળી વિશ્રામગૃહની જમીન જોવાની હોય, વિશ્રામગૃહના પ્લાનની ચર્ચા કરવાની હોય કે કોઈ દાન સ્વીકારવાની વાત હોય બધામાં જ અમારો સમજ-પૂર્વકનો અભિપ્રાય માંગી બધી જ બાબતોમાં ખાસ રસ લેવડાવતા. પાસે બેસાડીને બધુ જ સમજાવતા.

સત્યપથનો નિવાસ પૂ. શ્રીને ખૂબ પ્રસન્નતા આપતો હતો. વારંવાર એની અભિવ્યક્તિ કરતાં કહેલું કે જીવનમાં ઘણું તપ્યા, ઘણું ફર્યા, ઘણાં પ્રવચનો કર્યાં, હવે તો પ્રવચનો કર્યા વિના શાંતિથી અહીં જ રહેવું છે. વરસમાં મુખ્ય મુખ્ય સેન્ટરોમાં જવાની ઇચ્છા થશે તો જઈશું, નહીં તો અહીં જ શાંતિથી રહેવું છે. કેટલી બધી પવિત્ર ને શાંતિવાળી જગ્યા લાગે છે. !

અરે ! છેલ્લે મુંબઈમાં તા. ૧૭ માર્ચની સાંજે ફરવા જતાં શ્રી જે. વી. શાહને પણ એજ વાત કરી કે હવે તો પ્રવચનો નથી કરવાં. સત્યપથ, વડોદરા ને અંબાજી થોડું થોડું બધે શાંતિથી રહીશું.

પૂ. શ્રીની ગુજરાતની બહાર અંતિમ પ્રવચન યાત્રા રાજસ્થાનની હતી. જાન્યુઆરીમાં જોધપૂરમાં બપોરની બેઠક ગીતાભવનની અગાસીમાં તડકામાં થતી. પૂ. શ્રી માટે અમે સૂર્યની સામે ખુરશી ગોઠવી. પૂ. શ્રી બેઠકમાં પધાર્યા કે

કોઈપણ જાતની વાતચીત વિના બેઠા ને તરત જ ઊભા થઈને ખુરશી સૂર્ય પીઠ તરફ આવે એ રીતે ગોઠવતાં બોલ્યા-

'લો, સંસાર તરફથી પીઠ ફેરવી લઉં છું.'

જયપૂરમાં એક સાંજે પૂ. શ્રીએ વાત નીકળતાં સ્પષ્ટ કહ્યું પોતાના શરીર તરફ ખાસ આંગળી ચીંધી ને આ ઘર પણ બદલવાનું જ છે ને ?"

એ જ રીતે મુંબઈનાં પ્રવચનો દરમ્યાન વિદેશયાત્રાની તૈયારી શરૂ થઇ ત્યારે પણ પૂ. શ્રીએ વારંવાર કહ્યું અમારી આ વખતે પરદેશ જવાની જરા ઇચ્છા નથી પણ જગદંબાની ઇચ્છા છે એટલે પરદેશ જવું પડશે. પૂ. શ્રી પર શબ્દ ઉપર ખાસ ભાર દઈને કહેતા. સામાન્ય રીતે પૂ. શ્રી વિદેશયાત્રા શબ્દ જ વાતોમાં ઉપયોગ કરે પણ આ વખતે તેઓ વારંવાર પરદેશ શબ્દનો જ ભાર દઇને ઉપયોગ કરતા અને એથીજ એમણે ત્રણમાસ પહેલા જ પોતાનું વસીયતનામુ પણ તૈયાર કર્યું હતું.

સત્યપથના નિવાસ દરમ્યાન એક દિવસ જન્મભૂમિ પંચાંગ શ્રી અમીતકુમાર પાસે ખાસ મંગાવ્યું ને સાડાચાર વર્ષમાં પૂ. શ્રી ના સાન્નિધ્યે રહ્યાં પછી પ્રથમવાર પૂ. શ્રીને પંચાંગ જોતા જોયા. અને વળી એથી વધુ આશ્ચર્ય તો એ હતું કે પંચાંગમાંથી ૧૯૮૪ના જાન્યુ. ફેબ્રુ. માર્ચની તારીખ સાથે તિથિ સાથે પોતાના હાથે પોતાના એક કાગળ ઉપર ઉતાર્યું ને ફાગણ સુદ પૂનમ સુધીની નોંધ ઉતારી. પૂ. શ્રીના બધાજ કાર્યક્રમો પરમશક્તિની ઈચ્છા સુજબ યોજાય જેથી કોઇવાર પણ કયારેય પંચાગની જરૂર પૂ. શ્રી ને રહેતી ન હતી.

સત્યપથની વિદાય લઈ વડોદરા થઈ મુંબઈ જવા પ્રસ્થાન કર્યું ત્યારે શ્રી જીતુભાઇના યુવાન પુત્રે માળ ઉપર પૂ. શ્રીને પ્રણામ કર્યા ત્યારે કયારેય નહીં એવુ વર્તન પૂ. શ્રીએ કરતાં



ભરતના ખભા ઉપર હાથ મૂકી આંગળી ચીંધી કહ્યું "જો આ સામે સ્થાન થશે ને તે તમારે જ કરવાનું છે. જો કે સ્મૃતિના સ્થાનમાં કયી મૂર્તિઓ મૂકવી તે લેખીત તો હતું જ.

બ્રહ્માનંદ ભજન માળામાંથી પૂ. શ્રી અમને રોજ સાંજે પ્રવચનમાં જતા પહેલાં રૂમમાં આંટા મારતા મારતા અનુવાદ લખાવતા. ૧૫ કે ૧૬ તારીખે પૂ. શ્રીએ બ્રહ્માનંદ ભજન માળાના ભજનના ક્રમને બદલી છેક મધ્યમાં 'અમે તો રમતા જોગી રામ, અમારે દુનિયાથી શું કામ' એ ભજનનો જ અનુવાદ અમારી પાસે લખાવ્યો.

મુંબઇના પૂ. શ્રી ના જયભવાનીના ઉતારામાં પણ પૂ. શ્રી નિયમિત લેખન કરતા તે દરમ્યાન હેંગીંગગાર્ડન નજીક હોવાથી અમે એકલાં દરરોજ મૌન રાખી જપ માટે ત્યાં જતાં. ત્યાં લીલાં નાળિયેર વેચાતાં હતાં. પૂ. શ્રીને વાત કરી. પૂ. શ્રીએ કહ્યું તમારૂં શરીર ખૂબ નબળુ છે જેથી તમારે રોજ નાળિયેરનું પાણી લેવું ને રોજ પૂ. શ્રી અમને 'પૈસા લીધા' એવું જતી વખતે યાદ કરાવે. એકવાર અમે કહ્યું, "ના અમે આજે પૈસા નથી લીધા. 'કેમ ?' "અમને એકલા ત્યાં પીવાનુ ગમતું નથી તમે તો તે લેતા નથી." પૂ. શ્રીએ તરત જ કહ્યું જુઓ, આવતી કાલથી તમે મારુ સ્મરણ કરીને મનોમન અમને અર્પણ કરીને તમારે જે પીવુ હોય તે પીજો ને ખાવું હોય તે ખાજો."

આ વાત તા. ૧૭-૩-૮૪ની સવારે થઇ. અને બપોરની બેઠકમાં એક ભાવિકબેન તડબૂચ લાવીને પૂ. શ્રીને અર્પણ કરતાં કહેવા લાગ્યાં, 'મહાત્માજી આજે અમે અમારા ગુરુદેવ બાબાને કહીને આવ્યા છીએ કે અમારા મહાત્માજીના શરીરની ગરમી આ તડબૂચના રસથી મટાડી દે જો.'

પૂ. શ્રીએ એ સાંભળી તરતજ કહ્યું 'અરે ! હજારો બાબા-

ઓને જે પરમશક્તિ એક ક્ષણમાં સર્જન કરે ને પળમાં તો વિસર્જન કરે, તે પરમશક્તિ ઇચ્છશે તો જ ગરમી મટશે.'

માધવબાગના પ્રવચનમાં પૂ શ્રીએ ભાર દઇને જણાવેલું કે છેલ્લા શ્વાસસુધી પ્રભુએ આપેલા કર્તવ્યનું પાલન કરીને મીરાંબાઇની જેમ પ્રભુમાં સમર્પિત થઈ જઇએ. છેલ્લા પ્રવચનમાં કબીર સાહેબનું પ્રસિદ્ધ પદ 'કરલે શૃંગાર ચતુર અલબેલી' ગવડાવીને સમજાવેલું.

હવે તા. ૧૮ માર્ચે જયભવાનીમાંથી બપોરે વિદાય લીધી ત્યારે યજમાન શ્રી કુમુદબેન એક બાજુ ઉભાં હતાં. પૂ. શ્રી તેમની પાસે ખાસ ગયા ને કહેવા લાગ્યા. આપણે મળીએ કે ના મળીએ તો પણ તમારે રોજ જપ કરવા જ.

સામાન્ય રીતે વિદાય સમયે સૌ કોઇ હાથ ઉંચો કરીને આવજો કરતા હોય છે પણ પૂ. શ્રીને કયારેય ગાડીમાંથી કાચની પણ બહાર હાથ કરીને આવજો કરતા જોયા ન હતા. આજે નીચે ગાડીમાં બેઠા ત્યારે પૂ. શ્રીએ ગાડી ચાલુ થઇ ત્યારે ખાસ બીજે માળ ઉભેલાં શ્રી કુમુદબેનને હાથ છેક કાચની પણ બહાર કાઢીને આવજો કહ્યું..

કાંદિવલીના ઉતારા ઉપર શ્રી બાબુભાઇની દીકરી આવતીકાલે પરીક્ષાના આર્શીવાદ લેવા કયારે આવે એ પ્રશ્નના ઉત્તરમાં પૂ શ્રીએ તરત જ જણાવ્યું કે કાલે તો ઘણું મોડું થઇ જશે, આજે જ લઇલો આશીર્વાદ.

આરતી, સ્વાગત થોડો સત્સંગ કરાવી પૂ. શ્રી પોતાના ઓરડામાં પધાર્યા. આજે સવારથી પૂ. શ્રીએ ક્ષણનો પણ આરામ કર્યો ન હતો તેથી અમે કહ્યું : મહાત્માજી, હજીતો પ્રવચનમાં જવાને ઘણીવાર છે થોડો આરામ કરીલો. પૂ. શ્રી એ કહ્યું : મોડું થશે જેથી સાંજની પ્રાર્થના કરી લઉ. એમ કરી બે પલંગની વચ્ચે નીચે શેતરંજી ઉપર પલાંઠીવાળી પ્રાર્થના



માટે બેસી ગયા.

પ્રાર્થના બાદ શીરો ને બટાકાપૌઆનો અલ્પાહાર લીધો. અલ્પાહાર દરમ્યાન પૂ. શ્રીએ હંમેશની જેમ અમને પણ પ્રેમપૂર્વક પીરસ્યું ને કહ્યું : હું તો પ્રસાદ પીરસુ છું પણ તમને તો જે વધારે ભાવે તે જ લેવું. એમ કહીને અમને શીરો સરસ છે એમ કરી ફરી પીરસ્યો.

પૂ. શ્રીની સાથે રહેવાનું બન્યું ત્યારથી ઘણુખરૂ રોજ રાતે પૂ. શ્રીનાં શ્રીચરણોમાં તેલ લગાડવાનું સૌભાગ્ય પૂ. શ્રી કૃપા કરી અમને આપતા. ત્યારે પ્રણામ કરીએ ત્યારે આશીર્વાદ આપતા. અમારો જન્મદિન, નૂતનવર્ષ, ગુરુપૂર્ણિમા કે પૂ. શ્રી નો જન્મદિન હોય ત્યારે વળી સવારે વગર માગ્યે પણ આશીર્વાદ આપતા. બાકી તો દરરોજ રાતે પ્રણામ સમયે જ આશીર્વાદ મળતા.

તા. ૧૮-૩-૮૪ની રાતે પ્રવચનમાં જતા પહેલાં પૂ. શ્રી એ અમને કહ્યું, "અહીં આવો, મારે તમને આશીર્વાદ આપવા છે. અમે પૂ. શ્રીની પાસે ગયાં. નીચાનમીને નમસ્કાર કર્યા ને ઊભા થવાની એ અવસ્થામાં પૂ. શ્રીએ અમારી પીઠ ઉપર કરોડરજ્જુના ભાગ ઉપર ને અમારા મસ્તક ઉપર ખૂબ પ્રેમપૂર્વક પોતાનો હાથ ફેરવ્યો અને કહ્યું : અમે કોઇનું દેવું રાખતા નથી. અને એ અલૌકિક આશીર્વાદની વર્ષા વરસાવી પ્રવચન માટે પૂ. શ્રીએ પ્રસ્થાન કર્યું.

પૂ. શ્રીની આજ્ઞા મુજબ માઇક બગડેલું હોવાથી ઘણું મોડુ થયું હોવા છતાં 'પ્રભુ મને પાજો' અમારે ભજન ગવડાવવું જ પડયું, પૂ. શ્રી ત્યારે આંખ મીંચીને તાલ આપતા જણાયા.

પૂ. શ્રીની પાસે ભજન પછી માઇક ગોઠવાય તે પહેલાં તો પૂ. શ્રીએ શ્લોક બોલીને પ્રવચનનો પ્રારંભ કરી દીધો. 'ભાગવત એટલે ભગવાનના થઈ જવું'. પંખી પોતાના

માળામાં ફરે ત્યારે જ, ફળ વૃક્ષ ઉપરથી જમીન ઉપર પડી ધરતીમાં બીરૂપે ફરી પહોંચે ત્યારે જ, તેને પરમશાંતિ પ્રાપ્ત થાય છે. એ રીતે ૧૮ મિનિટમાં ભાગવત ઉપર ખૂબ અદ્‌ભુત સમજ આપતું રસપ્રદ વ્યાખ્યાન ચાલી રહ્યું હતું.

અને ૧૮ મિનિટમાં જ પૂ. શ્રીએ પોતાની સુખાસનવાળી અવસ્થામાં જ કોઈપણ પ્રકારના દુઃખદર્દનો પણ શબ્દ કાઢ્યા વિના 'આ રામચરિતનો સાર છે' એ અંતિમ વચન સાથે પોતાના પાર્થિવ તનુનો સહજ રીતે પરિત્યાગ કર્યો.

જીવનભર જે ઉપદેશ એનું જ સર્વોત્તમ આચરણ. જે જે વાણીથી કહેવાયું તે તે જ કર્મમાં પરિણમ્યું. જે જે મનથી વિચાર્યું તે તે જ વાણીથી વહેવડાવી, કર્મમાં પણ તે જ ઉતાર્યું.

અદ્‌ભુત જીવન, અદ્‌ભુત આચરણ, દૈવી જીવન ને દૈવી વિદાય.

ફાગણ વદ એકમ અને ધૂળેટીનો ઉત્સવ
અમૃત સિદ્ધિ યોગમાં અમંગલ મહોત્સવ.
આ રામચરિતનો સાર છે અંતિમ ઉદ્‌ગારે
અધ્યાત્મ જગનો એ રવિ, અસ્ત થયો સાચે.
પવિત્ર મંદિર સ્થાનને, મુખે કથામૃત પાન,
મગ્ન થયા શ્રોતાવળી ત્યારે બન્યા અનાથ.
જ્ઞાની યોગી ભક્તને દુર્લભ છે જે રીત,
તે રીતે તન ત્યાગીને પૂર્ણ કરી પ્રભુ પ્રીત.
મમત્વ આસક્તિ નહીં કયાંયે કદી વળગી,
અભિનય પૂર્ણ કરાવીને ધરતી ધન્ય બની.
રામકૃષ્ણ ને બુદ્ધ ને જ્ઞાનેશ્વર શંકર,
યોગેશ્વર રૂપે હરિ અગણિત હો વંદન.



# આપણને શું આપ્યું ?

—નારાયણ હ. જાની

પ. પૂ. મહાત્માશ્રી યોગેશ્વરજીના લીલા સંવરણને તા. ૧૮-૩-૮૬ના રોજ બે વર્ષ પૂરાં થશે. પૂ. શ્રીએ પોતાના ૬૩ વર્ષના જીવનકાળ દરમ્યાન સાધના દ્વારા ને તે પછી જન કલ્યાણ હિતાર્થે ઘણું પ્રદાન કર્યું છે.

પૂ. શ્રીની આ બીજી પુણ્યતિથિએ એમના આ પ્રદાનને આપણે યાદ કરીએ તે સર્વથા ઉચિત લેખાશે. આજના વિજ્ઞાનયુગમાં ઈશ્વરના અસ્તિત્વમાં શંકા સેવનારા બુદ્ધિવાદી માનવોને એમણે એ પ્રતીતિ કરાવી કે ઈશ્વર ભલે સ્થૂલ સ્વરૂપે દરેકને દેખાતો ન હોય, પરંતુ તેઓનું સૂક્ષ્મ અસ્તિત્વ ચરાચરમાં વ્યાપક છે. આપણા વેદકાળના ઋષિઓએ અનુભવેલું એ સત્ય-सर्वं इदम् खलु ब्रह्म । પોતાના જીવનમાં સાધનાદ્વારા તેઓએ અનુભવ્યું, એટલું જ નહિ પરંતુ ઉપાસના ને તપદ્વારા એ વ્યાપક સૂક્ષ્મ બ્રહ્મને પણ સાકારસ્વરૂપે સ્થૂલ દૃષ્ટિથી નીરખી શકાય છે, તે વાત પણ પોતાની આત્મકથામાં આલેખી. આવાં અનેક દર્શનો પૂ. શ્રીને જીવનકાળ દરમ્યાન થયાં છે, જેનો કડીબદ્ધ ઇતિહાસ પ્રકાશના પંથેમાં મળે છે.

વળી અતિ બહિર્મુખી થતા આજના માનવ સમાજને એમણે એ વાત પણ ભારપૂર્વક જણાવી કે પ્રભુને શોધવા કયાંય જવાની જરૂર નથી, ઘર ત્યજી જંગલમાં વસવાની આવશ્યકતા નથી; જ્યાં છો ત્યાં રહીને જ પ્રામાણિકપણે પોતાની આજીવિકા માટે પુરુષાર્થ કરતા રહો ને સાથે સાથે ઈશ્વરને ભજતા રહો તો પ્રભુને પામી શકાય છે. એ માટે ફક્ત આવશ્યક છે માણસને પોતાની જાતમાં, પોતાની સાધના-

માં ને પોતાના ઇષ્ટદેવ કે ગુરુમાની શ્રદ્ધાની. તે જો હોય, ને માણસ પ્રામાણિકપણે પુરુષાર્થ કરે તો આજ જીવનમાં પ્રભુની કૃપા અવશ્ય પામી શકાય છે, પોતાના જીવનને ધન્ય કરી શકાય છે, ને બીજાઓને પણ ઉપયોગી બની શકાય છે.

પૂ. શ્રીને પ્રાર્થનામાં-સાચા હૃદયની પ્રાર્થનામાં-ઘણી શ્રદ્ધા હતી. એ શ્રદ્ધાના બળેજ એમનો સાધના-કાળ ઉજાળ્યો છે, અને તેઓને આત્મસાક્ષાત્કારના ધ્યેયની પરિપૂર્ણતા સુધી પહોંચાડ્યા છે. એથી જ પ્રેરાઇને એમણે આલેખ્યું કે 'પ્રાર્થના એજ સાધના છે'. માણુસ ભલેને બીજું કાંઈ ન કરે, પરંતુ ઈશ્વરને નિયમિતરીતે સાચા દિલથી પ્રાર્થના કરતો રહે તોપણ તેની પ્રાર્થનાનો જવાબ પ્રભુ વાળે છે જ. પૂ. મહાત્મા ગાંધીજી જેવી જ અચળ શ્રદ્ધા પૂ. શ્રી યોગેશ્વરજીને પ્રાર્થનામાં હતી. એથી એઓ ગમે ત્યાં વસતા કે વિચરતા છતાં એમની સવાર-સાંજની પ્રાર્થનાનો સમય ને ક્રમ અચૂક જાળવતા.

પોતાના સાધનાકાળ દરમ્યાન પૂ. શ્રીને જે અનેક સંત પુરુષો, દેવો ને તીર્થોના અધિષ્ઠાતાઓના અનુભવો થયા તેનાથી પ્રેરાઇને તેઓએ ઘણી બધી સ્તુતિઓ લખી છે. આ સ્તુતિઓ ખૂબજ ભાવ પ્રધાન હોઈ, કોઇ પણ વાંચક એને વાંચતાં કે ગાતાં સહજ રીતે ભાવથી ભીંજાયા વિના રહી શકતો નથી. વળી પૂ. શ્રીમાં કાવ્ય રચનાની ઉત્તમ પ્રકારની સાહિત્યિક શકિત હતી એટલે ગુજરાતની જનતાને આ સ્તુતિઓનો વિરલ કહી શકાય એવો અમૂલ્ય ધર્મ લાભ થયો છે.

ભારતના આધ્યાત્મિક ઈતિહાસ ઉપર નજર નાંખીએ તો અનેક સંત પુરુષો કે ભકતો એમની સાધના અને સંસ્કરોની યોગ્યતા પ્રમાણે અનુભવો પ્રભુએ આપ્યા છે. આવા અનુભવોજ નવા સાધકોને પ્રેરણાનાં પીયૂષ પાનારા નીવડે છે.



છતાં તેવા અનુભવોનું કડીબદ્ધ કે ચોક્કસ આલેખન બહુ ઓછા મહાપુરુષોના જીવનમાં જોવા મળે છે.

પ. પૂ. શ્રી યોગેશ્વરજીના જીવનમાં આવા અનુભવો સુમાર વગરના પડ્યા છે અને આ દરેક અનુભવની બહુ ચોક્કસ ને સુસ્પષ્ટ નોંધ તેઓએ છેક નાનપણથી રાખી છે. પોતાને જે અનુભવ થયો તે ધ્યાનમાં, સમાધિમાં, જાગૃત અવસ્થામાં કે સ્વપ્નમાં ઉપરાંત દિવસે કે રાતે, કયા દિવસે ને કયા સ્થળમાં કેટલા વાગે થયો, વગેરે વિગતો નોંધી છે. આનાથી વાંચકના મનમાં કોઈ ભ્રમણાને અવકાશ રહેતો નથી; તેમજ જાગ્રત અવસ્થામાં ખુલ્લી આંખે પણ પ્રભુનાં વિવિધ સ્વરૂપો કે સંત મહાપુરુષોનાં દર્શન થઇ શકે છે. આવાં દર્શન આપણા જ યુગમાં એક મહાપુરુષને થયાં છે, તો આપણને પણ શું કામ ન થાય? એવો વિશ્વાસ નવા સાધકના મનમાં જન્મે છે.

પૂ. શ્રી એક વિરલ સમન્વયકારી સંત હતા, મહાત્મા હતા, મહાપુરુષ હતા. એમનું હૃદય ભક્તનું, બુદ્ધિ જ્ઞાનીની અને મનોબળ યોગીનું હતું. એમણે જીવનમાં યોગ, જ્ઞાન અને ભક્તિના માર્ગે સાધના કરી-સર્વે સાધનો એક જ ધ્યેયની પ્રાપ્તિ કરાવવા શકિતમાન છે-સક્ષમ છે, તેનો જાતે અનુભવ કર્યા પછી પોતાના અનુભવના આધાર ઉપર લોકોને આનું માર્ગદર્શન આપ્યું. આમ ત્રણે સાધનો-જ્ઞાન, યોગ ને ભકિતની ત્રિવેણીનો સુભગ સુમેળ એક મહાપુરુષની સાધનામાં સપ્રમાણ પણે ભાગ્યે જ જોવા મળે છે, જે પૂ. શ્રી યોગેશ્વરજીના જીવનમાં હતો.

પૂ. શ્રી યોગેશ્વરજી હંમેશાં કહેતા કે સાધનાના પ્રારંભકાળમાં બુદ્ધિપૂર્વક સાધનાના કાર્યક્રમનું આયોજન કરવું જોઇએ. એટલું જ નહિ પણ પોતાને થતા અનુભવોની પણ

તટસ્થભાવે ચકાસણી કરતા રહેવું જોઇએ. જેથી સાધક કોઈ ભ્રમણામાં પડી, આડવાતમાં ફસાય નહિ. વળી તેઓ કોઇપણ પરંપરા કે રૂઢિથી પર રહ્યા. તેઓ ત્યાગ તેમજ વૈરાગ્યને ખૂબ મહત્ત્વ આપતા છતાં બાહ્ય વૈરાગ્યને બદલે એમણે મનના ત્યાગ–વૈરાગ્યને વધારે મહત્ત્વ આપ્યું છે. પોતે જીવનભર સંન્યાસીનાં ભગવાં કપડાં ધારણ કરવાને બદલે, સફેદ ખાદીધારી સંત તરીકે રહ્યા. આમ છતાં જેમણે બાહ્ય-ત્યાગ કર્યો છે એવા સંન્યાસીઓનો તેઓ ખૂબ આદર કરતા અને બીજાઓને તેમ કરવા સમજાવતા.

સંન્યાસ લેવાને બદલે છેક સાધના કાળથી એમણે એ આશ્રમથી પર રહી પ. પૂ. શ્રી રંગ અવધૂત મહારાજની જેમ પોતાની માતાને પોતાની સાથે રાખ્યાં, સાધનાનાં સાક્ષી બનાવ્યાં ને જીવનના અંતકાળ સુધી એમની પ્રેમપૂર્વક સેવા કરી; તેઓ સાચા અર્થમાં માતૃભક્ત બન્યા. પૂ. શ્રી એક માનવ તરીકે કેટલા બધા ઉચ્ચ હતા, એનું દર્શન આપણને આમાં થાય છે, પોતાના જીવનના પ્રત્યક્ષ આચરણ દ્વારા પૂ. શ્રીએ જનસાધારણને માતૃભક્તિનો પ્રેરક સંદેશ પૂરો પાડ્યો છે.

પૂ. શ્રી અત્યન્ત કરૂણામય હતા. જીવનમાં ગરીબી શું કહેવાય એ એમણે પ્રત્યક્ષ અનુભવેલું; જો કે આ ગરીબી સ્વેચ્છાપૂર્વક સ્વીકારેલ હતી કારણકે પૂ. શ્રીની બુદ્ધિ પ્રતિભા એટલી ઉચ્ચ હતી કે વ્યાવસાયિક જીવનના કોઇપણ ક્ષેત્રમાં ઝંપલાવી તેઓ ઘણું કમાઇ શકયા હોત. પરંતુ આત્મિક સંપત્તિની શોધમાં કે ઈશ્વર દર્શનની લગનમાં તેમને મન આ બધી ધન સંપત્તિ હંમેશા નગણ્ય રહી હતી. એટલે આત્મિક માર્ગના સાધકને ધન, કીર્તિ, પદ, પ્રતિષ્ઠા ને પ્રસિદ્ધ-

( અનુસંધાન પાના ૫૨ ઉપર )



# ઉગમણે પંથે

ઈશ્વરભાઇ પરમાર્થી

ગુરુપૂર્ણિમાના ઉત્સવ વખતે જ્યારે અંબાજીમાં પૂ. મા સર્વેશ્વરીએ મને પૂર્વ ભારતની યાત્રા માટે આમંત્રણ આપ્યું ત્યારે મારી સ્થિતિ પ્રવાસ કરી શકાય તેવી નહોતી. જો કે અંતરના ઊંડાણમાં મા સાથેની યાત્રાનો લ્હાવો જતો ન કરવાની ઇચ્છા પણ ખરી. શારીરિક રીતે તો મને કશો જ વાંધો હતો નહિ. ખેતીના વ્યવસાયને કારણે મુશ્કેલીઓ જણાતી હતી. વળી ખેતીલાયક વરસાદ ગુજરાતભરમાં હજી થયો ન હતો ને સ્થિતિ પણ અકળાવનારી તો હતી જ. ખેતીનાં અગત્યનાં કામો જો સમયસર પૂર્ણ ન થાય તો સ્હેજે મોટી નુકસાની વેઠવી પડે. ખેતી કરનાર બીજું કોઇ હતું પણ નહીં. એટલે તેવા સંજોગોમાં મળેલું યાત્રાનું આમંત્રણ મારી કસોટી કરનારું હતું તેથી કામ ચલાઉ નિર્ણય આપતાં મેં માને કહેલું કે મણિબહેન તો આવશે જ. તેમને લાભ બરાબર નથી મળતો એટલે અસંતોષ તો છે જ. તેમના વતી મારે ઘરે રહેવું પડશે તો રહીશ. માએ પ્રત્યાઘાત આપતા જણાવ્યું કે એ વિચાર પણ ખોટો નથી. તો પછી મણિબહેનની સંગાથે શારદાબહેન પણ આવે તેવું કરી શકાય.

કપુરા આવી શારદાબહેનને પૂછયું તો તેમણે પોતાની અશક્તિ જાહેર કરી. મને થયું કે તો પછી હું શા માટે ન જાઉં? માનસિક રીતે મારી તૈયારી ગુપ્ત રહી. તે અંગેનું જરૂરી આયોજન મેં કરવા માંડયું હતું. ખેતીનાં કામો ચાલુ રહે ને વરસાદ થાય તો શું કરવું તે અંગે પણ મેં જેને તેને જવાબદારી સોંપી દીધેલી. જો કે સાચો ખેડૂત આ રીતે

કામ સોંપી ફરવાનું પસંદ કરે નહિ અને એ પણ હકીકત છે કે આધ્યાત્મિકતાની ખેતી કરવાવાળો સાચો સાધક પૂ. માના સાંનિધ્યમાં યાત્રા કરવાની આવેલી સુવર્ણતક ચૂકે પણ નહિ.

તા. ૧૦મી જુલાઈ ૧૯૮૫ને દિને અમદાવાદથી ઉપડતો હાવરા એક્સપ્રેસ વ્યારા સ્ટેશને ઘણો મોડો આવ્યો હતો. અમને ફર્સ્ટ કલાસની ટિકિટ આપતી વખતે રીઝર્વેશન મળશે નહિ તેવું સ્પષ્ટ કહેવામાં આવ્યું હતું. જે થવાનું હશે તે થશે પણ મા સાથે જવાશે તો બસ એવું માનસિક સમાધાન હતું. ગાડી માત્ર બે જ મિનિટ ઊભી રહેલી એટલે ઉતાવળે પૂ. માના ડબ્બામાં અમે ચઢી તો ગયેલાં, પણ રિઝર્વેશન ન હતું એટલે શું થશે તે જોવાનું બાકી હતું.

અંબાજીમાં મને કહેવામાં આવેલું તે પ્રમાણે મારી માન્યતા હતી કે બહુ બહુ તો પંદરેક જણા થઈશું, પરંતુ પંદરને બદલે ત્રીશ જણા ભેગા થયા એટલે મને ખૂબ આનંદ થયો હતો. પૂ. માની સાથે યાત્રા કરવાનું કોને ન ગમે? બધાંને જ ગમે. પરંતુ ઘણાંને યાત્રામાં જોડાવાની અનુકૂળતા ન હોય તેવું બને છે. તેવા આશીર્વાદ પ્રાપ્ત કરી સંતોષ અનુભવે છે. પૂ. માની આશિષ તો મહામૂલી ગણાય છે. જેને તે પ્રાપ્ત થાય છે તેનો બેડો પાર થઈ જાય છે. ભક્તહૃદયની તેવી અપૂર્વ શ્રદ્ધા જગતમાં ચમત્કારિક પરિણામ સર્જે છે તે કોણ નથી જાણતું? બાકી અશ્રદ્ધાળુ તો અળગાં જ પડી જાય છે તે કોણ નથી સમજતું? અભક્ત હોય તે કદાચ હાડચામના શરીરને જ જોયાં કરે. હાડચામના શરીરને વીંધીને જે ચૈતન્યસત્તા રગેરગમાં વ્યાપક બનીને તેને જીવંત બનાવે છે તેનાં દર્શન તેને થતાં નથી. જો દર્શન કરે તો તે



સાચો ભક્ત થઈ શકે. તેવા સાચા ભક્તોની સાથે યાત્રા કરવાનો લ્હાવો મળ્યો તે મારું સદ્દભાગ્ય જ હતું.

ગુજરાતની સરહદ વટાવીએ તે પહેલાં પરમાત્માની અસીમ કૃપાથી 'રીઝર્વેશન' તો મળી ગયું, પણ મને મારા દુર્ભાગ્યની નિશાની દેખાવા લાગી હતી. એકાએક હૃદયપ્રદેશ પર સારા પ્રમાણમાં દુઃખાવો ચાલુ થઈ ગયો હતો. આવો મેં પ્રથમવાર જ અનુભવ્યો હતો છતાં સહનશીલ સ્વભાવને કારણે શાંતિથી બેસી રહેવા પ્રયત્ન કરતો હતો. કેટલીક ચેષ્ટાઓ પરથી મણિબહેનને મારી પ્રતિકૂળતાનો કાંઈક ખ્યાલ આવી ગયો એટલે તેમણે પૃચ્છા કરેલી. એકદમ શાંત સ્વરે દુઃખાવાની હકીકત મેં કહી સંભળાવી હતી. આરામ કરીશ એટલે ઠીક થઈ જશે તેવો સધ્યારો મેં આપ્યો હતો. લગભગ બે કલાક વીતી ગયા પછી માએ મારા પર જાણે કે કૃપા વરસાવી. ચિ. કલ્પુને મારે માટે પ્રસાદ લઈને મોકલી આપી હતી. તે પ્રસાદનું મેં શ્રદ્ધાપૂર્વક પાન કર્યું હતું. ખરેખર અર્ધા કલાક પછી તે દુઃખાવો હળવો બની ગયો હતો. કોઈ પણ પ્રકારની ફરિયાદ કર્યા વિના પૂ. માએ મને સહાય મોકલી આપી તે પણ શું પરમાત્માની અસીમ કૃપા ન કહેવાય!

સૂતા પહેલાં બધાંએ પ્રાર્થના કરી લેવી જોઈએ તે હિસાબે માએ બધાં પર કહેણ મોકલી આપી હતી. મેં માન્યું કે આટલા માટે જ માએ મને પ્રસાદ મોકલી આપ્યો હતો. દુઃખાવો હળવો ન થાત તો પ્રાર્થનામાં મારાથી પાધરું બેસી શકાત નહિ. હવે તો દુઃખાવો હળવો બની ગયેલો એટલે હું પણ બધાં સાથે જીતુભાઈના ડબ્બામાં પ્રાર્થના કરવા પહોંચી ગયો હતો. લગભગ બાર–તેર જણા જેમ તેમ કરીને ડબ્બામાં

બેઠાં હતાં. પાછળથી બે અજાણ્યા ભાઈઓ પણ હાજર થયા હતા. તેઓ ગુજરાતી નહોતા. પાછળથી પૂછતાં જણાયલું કે એક ભાઇ બંગાળી હતો અને તેમને થોડું થોડું ગુજરાતી સમજાતું હતું.

પૂ. માએ પ્રથમ દિવસે જ પ્રાર્થનામાં જાહેરાત કરી હતી કે આપણી સાથે શ્રી ઈશ્વરભાઇ યાત્રામાં જોડાયા છે તો હવેથી દરરોજ તેમની પાસે જ્ઞાનની વાતો સાંભળીશું અને સાથે સાથે શ્રી શાંતિભાઈ પાસેથી રામકૃષ્ણદેવના પ્રસંગો પણ સાંભળતા જઈશું. આજથી જ શુભ સંકલ્પનો પ્રારંભ કરીએ એમ કહીને શ્રી શાંતિભાઈએ રામકૃષ્ણદેવનો એક પ્રસંગ યાદ કરીને કહ્યો હતો. મેં પણ થોડી જ્ઞાનની વાતો કરી હતી. ત્યાર પછી સમાપન કરતાં માએ આજ્ઞા કરેલી કે આ અજાણ્યા ભાઈઓને મહાત્માજીનો આંતરિક પરિચય થાય તેવો સત્સંગ શ્રી ઈશ્વરભાઇ કરાવશે. મા તો એટલું કહી પોતાના કમ્પાર્ટ-મેન્ટમાં ચાલ્યાં ગયાં હતાં. જેને રસ હતો તેટલા ભાઈઓ સત્સંગમાં બેસી રહ્યા હતા. અપરિચિતોને બરાબર પરિચય થાય તે રીતે મેં સત્સંગનો પ્રારંભ કર્યો હતો.

પૂજ્યશ્રી કોઈ સંપ્રદાયના સંત નહોતા. તેઓ ગાદીપતિ પણ નહોતા. છતાં તેઓ જગતના અધિપતિ જેવા જણાતા હતા. ઉપનિષદ્‌ના ઋષિઓની યાદ જગાડે તેવા તેઓ ઈશ્વર-દર્શી સંત હતા. તેમની નજર સમક્ષ જગતના માનવસમુદાય-નું જ હિત રહેલું હતું. તેમની વાણીમાં આર્દ્રતા હતી. આત્મબળનું ઓજસ હતું. 'પ્રકાશના પંથે'માંથી કેટલાંક પ્રસંગો સંભળાવી તેમની સમક્ષ પૂજ્યશ્રીનું સામું ચિત્ર ખડું કર્યું હતું. મહાત્માજીની વિશેષ શક્તિનો પરિચય થાય તે હેતુથી મેં મારા અંગત અનુભવોની કેટલીક વાતો કરી



હતી. મહાત્માજી સૂક્ષ્મ જગતમાં રહેતા કોઈ પણ જીવ સાથે સંપર્ક સાધી શકતા હતા એટલું જ નહિ પણ તેની સાથે વાતચીત પણ કરી શકતા હતા. આજે પૂજ્યશ્રી સ્થૂળ દેહે હાજર નથી. છતાં તેઓ સૂક્ષ્મદેહે કામો કરી રહ્યા છે તે વાત મેં પૂ. મા સર્વેશ્વરીના સંદર્ભમાં સમજાવી હતી. સૂક્ષ્મ સ્વરૂપે રહેતા જગતના સિદ્ધ પુરુષો તેમની તહેનાતમાં રહેતા હતા. સૂરતના ડૉ. ભરૂચાના જીવનનો પ્રસંગ આ સંદર્ભમાં કહી સંભળાવ્યો હતો. આ રીતે પૂરા બે કલાક સુધી અમારો સત્સંગ ચાલ્યો હતો. લગભગ બાર વાગી ગયા હતા એટલે અમે પોતપોતાના 'કમ્પાર્ટમેન્ટમાં' ચાલ્યા ગયા હતા.

મારા 'કંપાર્ટમેન્ટમાં હું ગયો તો ખરો પણ મને ઉંઘ આવે તેમ જણાતું ન હતું. હૃદયપ્રદેશ પર થતો દુઃખાવો હજુ ચાલુ જ હતો. માની કૃપાથી હળવો થયેલો એટલું જ. પેલી બે અજાણી વ્યક્તિને ધ્યાનમાં રાખી, બે કલાક સત્સંગ થઇ શકે તેવી શક્તિ જાણે કે મને પ્રાપ્ત થયેલી. 'કમ્પાર્ટમેન્ટ' માં બીજા બધાં ઉંઘતાં હતાં. નવરૂં મન દુઃખને યાદ કર્યા કરે તેથી મેં આંખ મીંચી મનને પૂજ્યશ્રી સાથેના પ્રસંગો યાદ કરી મધુર સંસ્મરણોમાં ડૂબકી દેવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ ઉંઘ તો ન જ આવેલી. સવાર થઇ ગઈ એટલે બધાંએ પોતપોતાનાં સવારના કાર્યોમાંથી નિવૃત્તિ લઇ પૂ. માનાં દર્શન કરવામાટે આટાફેરા કરવા માંડ્યા હતા. હું પણ શ્રી રમેશભાઇ પાસે પહોંચી ગયો હતો. શ્રી રમેશભાઇ મને નાસ્તો કરાવી તેમની એક અંગત વાત કહી સંભળાવી હતી. પૂજ્ય માના હૃદયમાં કેટલી બધી કરુણા છે અને ભક્તોને માટે શું શું કરે છે તેનો ખ્યાલ મને આવ્યો હતો. શ્રી રમેશભાઈના જીવનની તમામ જવાબદારી જાણે કે માએ ઉપાડી લીધી

હોય તેવી આ ઘટના છે!

વાત કાંઈ આમ બની હતી. ગઈ કાલે રાતે રમેશભાઇને દવાની ટીકડીઓ ગળતા દીઠા હશે. માએ પૃચ્છા કરેલી કે એ શેની ટીકડીઓ? રમેશભાઇએ પોતાને આવતી કારમી ફીટની વાત કરી હતી. જીવલેણ ફીટ બે વાર તો આવી ગઈ હતી. હીંચકા પર બેઠા બેઠા આવી ગયેલી. કારમી ફીટની વાત કરતા તેમણે જણાવેલું કે હીંચકાના સળિયાઓ સાવ વાંકા વળી ગયા હતા. ફીટ દ્વારા ઘણી બધી શકિતનો વ્યય થતો હતો. મુંબઈમાં સ્પેશ્યલ ડૉકટરને બતાવી તેમણે સારવાર કરાવેલી. ત્યારથી જે નિયમિત ગોળીઓ ગળવી પડે છે તે તેમણે ગળેલી ને જણાવેલું કે પૂરાં પાંચ વર્ષ સુધી એકધારી રીતે તે ગળવી પડશે. પૂ. મા સર્વેશ્વરીએ તરત જ રમેશભાઈને તે દવા પૂજ્યશ્રીના ફોટા આગળ મૂકી દેવા કહેલું. શ્રી રમેશભાઇએ આજ્ઞા અનુસાર દવાની શીશી પૂજ્યશ્રીના ફોટા આગળ મૂકી દીધેલી. માએ કરુણા કરીને તે વખતે રમેશભાઈને પ્રસાદ આપેલો ને કહેલું કે જરૂર જણાય તો લેજો. પણ ફીટને ગાડીમાંથી બહાર ફેંકી દો. નિરાંતે પ્રભુનું નામ લો. મહાત્માજી કહે છે કે હવે દવાની કાંઇ જરૂર નથી. બસ. ત્યારથી શ્રી રમેશભાઈ ખૂબ શ્રદ્ધાથી પેલો પ્રસાદ આરોગે છે ને પ્રભુ-સ્મરણ કરતા રહે છે. અમે સત્તર દિવસ સાથે ફર્યા છતાં પેલી ફીટનાં દર્શન થયાં નથી. ગોળી ને ફીટ સાથે ગયાં એટલે રમેશભાઇ તો સાવ નિશ્ચિત બની ગયા છે. આથમણે ઘસડાયા કરતા જીવોને મા કરુણાભરી દૃષ્ટિથી ઉગમણે પંથે વાળે છે તે કાંઈ નાની સૂની વાત કહેવાય! હરિ એટલે શું? દુઃખો હરે તે હરિ! આ તત્ત્વ જ્યાં ક્રિયાશીલ છે ત્યાં હરિનાં દર્શન થાય છે. તે ઈશ્વરી તત્ત્વ જ છે. ભગવાનનું એક સ્વરૂપ જ છે!



## તીવ્ર તલસાટ

કરુણાની ધારા વરસાવો....(૨)
હવે મારા મનને ના બહુ તરસાવો,
કરુણાની ધારા વરસાવો.

યુગયુગથી હું કરતી પ્રતીક્ષા,
કપરી કરી અતિ આકરી પરીક્ષા;
રોતી ને રાતી ભીની આંખોને ઠારો,
દર્શનનો દઇ ઝટ લ્હાવો.
કરુણાની ધારા વરસાવો...(૧)

સપનામાં કાયા તારી દીઠી સોહામણી,
સુરતાને માયા લાગી મીઠી તે વારની;
રૂપનાં એંધાણ કિંતુ કયાંયે ન ભાળતી,
અરૂપનો સ્હેજ દો અણસારો.
કરુણાની ધારા વરસાવો...(૨)

અગમનિગમની તારી ભાષા ન જાણતી,
પશ્યંતી ને પરાનો પાર ના પ્રમાણતી;
જાણું ન કાંઇ તોયે એટલું હું જાણતી.
તારો છે સાચો સથવારો.
કરુણાની ધારા વરસાવો...(૩)

—મહેન્દ્રકુમાર દેસાઇ

## અભિમુખ થા

મનવા ! અભિસારે અભિમુખ થા !
શેષ મોહ-મમતા ઊશેટી
હંસ-ગીત આખિર ગા... મનવા.

કેટકેટલા ભોગ ભોગવ્યા !
ભોગવિયા ? ભોગવાયા ?
સત્ત્વ સરકતાં, સાહી છાયા
વેરાયા રવિરાયા !
આત્મ-દીપના નિર્મલ તેજે
પ્રકાશ-પંથ પળ્યે જા... મનવા.

માને જે તે તું પોતાનાં
નહિ નિજ ધન-સૂત-દારા !
મધપુડો મધલાળે મીઠો !
અન્ત સમે વિષધારા !
અનંતતાના યાત્રી ! યાત્રા
સાધ્ય, નહીં સંગત ? ના... મનવા.

શેષ મોહ-મમતા ફંગોળી
હંસગીત આખિર ગા... મનવા.

ડૉ. રણજિત પટેલ
(अनामी)



# ઓળખો આપણા મનને (૫)

મંગળભાઈ પંચાલ

આંદોલનના આ નિયમને આપણે જરા વિશિષ્ઠ રીતે સમજવાનો પ્રયત્ન કરીશું.

આંદોલનોની ગતિના પ્રમાણમાં આપણે તેને ત્રણ પ્રકારે જોઈ શકીએ છીએ. એક છે તે આકાર સ્વરૂપે, બીજો પ્રકાર છે ધ્વનિ સ્વરૂપે અને ત્રીજો પ્રકાર છે રંગ અથવા વર્ણ સ્વરૂપે. જ્યાં જ્યાં પણ આકાર, ધ્વનિ અને રંગ આપણને દેખાય છે ત્યાં આંદોલનો રહેલાં હોવાથી જ આપણને તેનું ભાન થાય છે.

પાછળ આપણે હાર્મોનિયમની રચના જોઇ ગયા છીએ. હાર્મોનિયમને આકાર હોય છે. તેને વગાડવાથી ધ્વનિ ઉત્પન્ન થાય છે અને તે આકાર અથવા પેટીને કોઇક રંગથી રંગેલી હોય છે અથવા રંગનું પોલીસ ચઢાવેલું હોય છે.

આકાર અથવા આકૃત્તિઓને સમજવાનો જ્યારે આપણે પ્રયત્ન કરીશું ત્યારે આપણને તેની ત્રણ લાક્ષણિકતાઓ જણાશે. લંબાઈ, પહોળાઇ અને ઉંચાઈ. સઘળા પ્રકારની આકૃતિઓની પાછળ અથવા મૂળમાં તે આકૃતિઓનું એક વાસ્તવિક આંદોલન રહ્યું હોય છે.

સઘળા પ્રકારના ધ્વનિઓની પાછળ એક સત્ય આંદોલન રહેલું છે. તેજ રીતે સર્વ પ્રકારના રંગ અથવા વર્ણની પાછળ પણ એક સત્ય વાસ્તવિક આંદોલન રહેલું છે અને આ વાસ્તવિક સત્ય આંદોલન સુધી પહોંચવાનો આપણો

ઉદ્દેશ છે. આ બાબત જો કોઈપણ પ્રકારે આપણે જાણી શકીએ તો પછી આપણે બીજું કંઇ પણ જાણવાનો મોહ રહેતો નથી. જેમ કઠપૂતળીઓનો ખેલ જોઇને આપણને પહેલીવાર જરૂર આનંદ થાય છે પરંતુ જ્યારે પડદા પાછળ જઇને આપણે તેની આંગળીઓની કરામત જોઈએ છીએ, ત્યારબાદ આપણને કઠપૂતળીનો ખેલ જોવાનો એટલો મોહ રહેતો નથી.

ધ્વનિના અસંખ્ય પ્રકારો છે, પરંતુ આ અસંખ્ય ધ્વનિઓને વધુ સરળ રીતે જોવા માટે આપણે તેનાં ત્રણ માધ્યમ દ્વારા ઓળખીશું. તે છે ષડ્જ, ગાંધાર અને પંચમ. સંગીત, આ ત્રણ મૂળ સ્વરોના અમુક વ્યવસ્થિત આંદોલનોનું જ પરિણામ છે.

આજ રીતે જ્યારે આપણે રંગોને અથવા વર્ણને જોઇએ છીએ ત્યારે ત્યાં પણ આજ હકીકત જોવા મળે છે. "લાલ, પીળો ને વાદળી, મૂળ રંગ કહેવાય; બાકીના બીજા બધા, મેળવણીથી થાય." આ ઉક્તિ અનુસાર સર્વ પ્રકારના રંગ અથવા વર્ણ આપણને તે તે પ્રકારનાં આંદોલનના પરિણામે જ જણાય છે. જો ત્યાં આંદોલન નથી તો કશું જ નથી.

આ પ્રમાણે આપણે આંદોલનોને ઓળખવા માટેના નવ પ્રકાર જોયા. આશ્ચર્યની બાબત તો એ છે કે આ સર્વ પ્રકારનાં આંદોલનોને ઓળખવા માટે પરમકૃપાળુ પ્રભુએ આપણને પણ ત્રણ મુખ્ય કરણ આપ્યાં છે તે છે શરીર, મન અને જીવાત્મા (મહદ્ અહંકાર). આપણામાં રહેલાં આ ત્રણ મૂળ તત્ત્વોને ઉપર દર્શાવેલ આંદોલનોના મુખ્ય નવ દ્વારો સાથે ઘનિષ્ઠ સંબંધ છે. આ સાથેના કોઠા ઉપરથી આપણને તેનો સ્પષ્ટ ખ્યાલ આવી શકશે.



મનુષ્ય

| આંદોલનો: | શરીર | મન | જીવાત્મા |
|---|---|---|---|
| આકૃતિ | લંબાઈ | પહોળાઇ | ઉંચાઈ |
| ધ્વનિ | ષડ્જ | ગાંધાર | પંચમ |
| રંગ | લાલ | પીળો | વાદળી |

આ કોઠા ઉપરથી આપણને બરાબર ખ્યાલ આવી શકશે કેઃ-

(૧) શારીરિક ભૂમિકા ઉપર જે આંદોલનોની ગતિ હોય છે તે લંબાઇદ્વારા ષડ્જ ધ્વનિ દ્વારા તેમજ લાલ રંગ દ્વારા જ તેનાં પરિણામ સ્વરૂપે (સ્થૂળ) આપણને પ્રત્યક્ષ થાય છે;

(૨) માનસિક ભૂમિકા ઉપર આંદોલનોની ગતિ હોય છે તે પહોળાઇ દ્વારા, ગાંધાર સ્વર દ્વારા તેમજ પીળા રંગ દ્વારાજ પ્રત્યક્ષ થાય છે;

(૩) જીવાત્માની ભૂમિકા ઉપર આંદોલનોની જે ગતિ હોય છે તે ઉંચાઇ પરિમાણ દ્વારા પંચમ સ્વર દ્વારા તેમજ વાદળી રંગ દ્વારા પ્રત્યક્ષ થાય છે.

આટલી સ્પષ્ટતા કર્યા પછી આપણે ફરીથી આપણા મૂળ વિષય પર આવીએ, જેથી ઉપરની બાબતોનો સહજ ખ્યાલ આવી શકશે. પાછળ આપણે કોષો સંબંધી રચના દર્શાવી છે તે જોતાં જણાશે કે પ્રકૃતિની જ્યારે સામ્યાવસ્થા હોય છે, ત્યારે માત્ર "અસ્તિ ભાતિ" જ હોય છે. બધું જ શાન્ત હોય છે. પરંતુ પ્રભુને એકમાંથી અનેક થવાની ઇચ્છા થઇ. "એકોઽહમ્ બહુ શ્યામઃ" તેથી સૌ પહેલું સ્પંદન થયું. તૈત્તિરિય ઉપનિષદના ઋષિએ તેને બહુ સુંદર રીતે દર્શાવ્યું છેઃ

તસ્માદ્વેતસ્માત્ આકાશ સંભૂતઃ। આકાશાત વાયુઃ
વાયોરગ્નિઃ। અગ્નેરાપઃ। અદ્ભ્યઃ પૃથિવી।
પૃથિવ્યા ઓષધયઃ। ઓષધીભ્યોઽન્નમ્। અન્નાત્પુરુષઃ।
સ વ એષ પુરુષોઽન્નરસમયઃ......... ......"

અર્થાતઃ–તે આ આત્મામાંથી જ આકાશ ઉત્પન્ન થયું. આકાશથી વાયુ, વાયુથી અગ્નિ, અગ્નિથી જળ, જળથી પૃથ્વી, પૃથ્વીથી ઔષધિઓ, ઔષધિઓથી અન્ન અને અન્નથી પુરુષ ઉત્પન્ન થયો. તે આ પુરુષ અન્ન અને રસમય જ છે......"

હવે આપણે 'અધ્યાત્મ' ના ફેબ્રુઆરી ૮૫ ના અંકમાં ૫૧ મા પાના ઉપર સાંખ્યદર્શને દર્શાવેલ ૨૫–તત્ત્વો સંબંધી કોઠા તરફ સહજ દૃષ્ટિપાત કરીશું. ત્યાં મહદ્ અહંકારનું પ્રમાણ સહેજ વિશેષ હોવાને કારણે જ તો આપણે સર્વ પ્રવૃત્તિઓ કરી શકીએ છીએ. આ મહદ્ અહંકારમાંથીજ પાંચ તત્ત્વોની પાંચ સૂક્ષ્મ તન્માત્રાઓ તેમજ પાંચ સ્થૂળ તન્માત્રાઓ ઉદ્ભવેલી છે. આપણાં શરીર તેઓના સ્થૂળ રૂપની ક્રિયાનું પરિણામ છે. સૂક્ષ્મ તત્ત્વોની આપણાં સ્થૂળ તત્ત્વો ઉપર સંપૂર્ણ સત્તા છે અને આપણા શરીરના અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય તેમજ આનંદમય કોશો ઉપર નિરંતર અસર કર્યા જ કરે છે. હકીકતમાં તેમની જ અસલ સત્તા છે.

બાહ્ય જગતમાં રહેલાં આ તત્ત્વોના નિયમો જાણીને વિશ્વના વૈજ્ઞાનિકોએ કેવી કેવી આશ્ચર્યજનક શોધો કરી છે, તે આપણે સર્વ જાણીએ છીએ. તેજ રીતે આંતરજગતમાં રહેલાં આ તત્ત્વોના નિયમોને જાણીને સંતો, ઋષિમુનિઓ તેમજ યોગીઓએ આશ્ચર્યકારક સિદ્ધિઓ પ્રાપ્ત કરી છે અને હવે પછી પણ અનેક સિદ્ધિઓ હરકોઈ મનુષ્ય પ્રાપ્ત કરી શકે છે એમાં શંકા નથી. આંતર–બાહ્ય એવો ભેદ હકીકતમાં છે જ નહિ. વસ્તુતઃ સર્વ ચૈતન્યમય જ છે.



આ તત્ત્વોનો આપણે નિરંતર ઉપયોગ કરીએ છીએ. ખોરાક લઈને આપણે પૃથ્વી, જળ અને અગ્નિતત્ત્વોનો ઉપયોગ કરીએ છીએ. પાણી પીને આપણે જળ તત્ત્વનો, શ્વાસ લઈને પ્રાણ તત્ત્વનો તેમજ અગ્નિતત્ત્વનો, સૂર્યપ્રકાશ તેમજ આબુ, હિમાલય જેવાં સ્થાનોમાં રહીને આપણે અગ્નિતત્ત્વ તેમજ આકાશ તત્ત્વોનો ઉપયોગ કરીએ જ છીએ. આ તમામ સ્થૂળ તત્ત્વોની અંદર સૂક્ષ્મ તત્ત્વો રહેલાં જ છે અને હકીકતમાં તેઓ જ આપણને શારીરિક, માનસિક તેમજ આધ્યાત્મિક બળ આપે છે. આ અતિ મહત્ત્વની બાબત છે.

આપણા શરીરમાં જ્યારે જ્યારે પણ આ તત્ત્વોની અસમાનતા ગમે તે કારણસર થવાને લીધે જ આખાયે શરીરમાં તેમજ મનમાં અત્યંત ગેરવ્યવસ્થા ઉત્પન્ન થાય છે જેમાંથી અસંખ્ય પ્રકારના શારીરિક તેમજ માનસિક રોગો ઉત્પન્ન થાય છે. ફાવે તેમ બોલવાથી, ફાવે તેમ વર્તન કરવાથી, કશાયે ઢંગધડા વિનાના વિચારો કરવાથી આપણી અંદર કેવો ખળભળાટ ઉત્પન્ન થાય છે અને તેનાં કેવાં કેવાં વિષમ પરિણામો આપણે ભોગવવાં પડે છે, એનો સહજ પણ ખ્યાલ જો આપણને આવી શકે તો આપણે મોટા ભાગના અનર્થોથી ખચિત જ બચી જઈએ.

(ક્રમશઃ)

# મોક્ષ

અંબાલાલ. વ. પટેલ.

હંમેશ માટે દુઃખોથી છૂટી જવાય તેનું નામ મોક્ષ. બ્રહ્મજ્ઞાનથી બ્રહ્મ બનાય છે એટલે કે મોક્ષ પ્રાપ્ત થાય છે. ધર્મનું અંતિમ ધ્યેય મોક્ષ પ્રાપ્તિ છે. મનની બહિર્મુખ વૃત્તિઓને અંતર્મુખ કરે અને દુઃખની નિવૃત્તિ કરી નિત્ય સુખ આપે તે ધર્મ છે. પાપ, પુણ્ય, સત્કર્મો, સદાચાર, સત્ય વગેરે ધર્મના સિદ્ધાંતો છે. સંસારમાં ત્રિવિધ (આધિદેવીક, આધિભૌતિક અને આધ્યાત્મિક) દુઃખો એટલે કે મુશ્કેલીઓ હોય છે. વૈદિક ધર્મ કર્મકાંડ અને જ્ઞાનકાંડ બંનેને મહત્ત્વ આપે છે. જીવ, જગત અને ઈશ્વરના ચિતનને કારણે તત્ત્વજ્ઞાનનો ઉદ્ભવ થયો છે. તત્ત્વજ્ઞાનથી મોક્ષ મળે છે એ માન્યતાથી ભારતમાં નીચે જણાવેલ છ વિચારધારાઓ એટલે કે દર્શનો જોવા મળે છે. (૧) સાંખ્ય-યોગ (૨) ન્યાય-વૈશેષિક (૩) પૂર્વમીમાંસા–ઉત્તરમીમાંસા આ ત્રણ જોડકાં આસ્તિક દર્શનો છે. બીજા ત્રણ દર્શનો-(૧) ચાર્વાક દર્શન (૨) બૌદ્ધ-દર્શન અને (૩) જૈન દર્શન નાસ્તિક દર્શનો એટલે કે વેદમાં ન માનનારાં દર્શનો છે.

(अ) આસ્તિક દર્શનો:-(૧) સાંખ્યયોગ–સાંખ્ય દર્શનમાં તત્ત્વોની સંખ્યાનું નિરૂપણ હોવાથી તેનું નામ સાંખ્ય પડેલું લાગે છે. આ સિદ્ધાંતનો પુરૂષાર્થસિદ્ધિમાં શો ઉપયોગ કરવો તેનું નિરૂપણ કરનાર 'યોગ' ગણાય છે. 'સાંખ્ય' સિદ્ધાંતોનું શાસ્ત્ર છે, ત્યારે 'યોગ' તેની ઉપયોગી સાધનપદ્ધતિ છે, 'યોગ'ના અષ્ટમાર્ગી નિયમનમાં યમ, નિયમ, આસન, પ્રાણાયામ, પ્રત્યાહાર, ધારણા, ધ્યાન અને સમાધિનો સમાવેશ થાય છે.



'યોગ'ના ચાર પ્રકાર છે–૧. મંત્રયોગ ૨. હઠયોગ ૩. લયયોગ ૪. રાજયોગ. ચિત્તની વૃત્તિઓને 'યોગ'માં મહત્ત્વ અપાયું છે. (૨) ન્યાય વૈશેષિક-પ્રમાણને લગતા પ્રધાન દર્શનનું નામ 'ન્યાય દર્શન' પડ્યું અને પ્રમેયને લગતા પ્રધાન દર્શનનું નામ 'વૈશેષિક' પડ્યું. 'ન્યાય વૈશેષિક' દર્શનમાં આત્મા સર્વ આસ્તિક દર્શનોની માફક ત્રણ ધર્મવાળો (કર્તા, ભોક્તા અને દૃષ્ટા) સ્વીકારાયો છે. (૩) પૂર્વ મીમાંસા–ઉત્તરમીમાંસા:–પૂર્વમીમાંસા કર્મકાંડ છે. કર્મકાંડનો અધિકારી તે છે કે જે કર્મ તથા ઉપાસના દ્વારા સ્વર્ગની પ્રાપ્તિ કરે છે. જે મનુષ્ય દૈવભાવની પ્રાપ્તિ ચાહે છે, તે દૈવભાવ પ્રાપ્ત કરે છે. ઉત્તરમીમાંસા વેદાંત કહેવાય છે. એમાં બ્રહ્મતત્ત્વનું નિરૂપણ છે. વેદાંતાચાર્યોમાં શંકરાચાર્યનો સિદ્ધાંત 'કેવલાદ્વૈત' ના નામે ઓળખાય છે, તે પ્રમાણે બ્રહ્મ સત્ય છે, જગત મિથ્યા છે અને જીવ બ્રહ્મજ છે, જુદો નથી. રામાનુજાચાર્યના 'વિશિષ્ટાદ્વૈત' સિદ્ધાંત પ્રમાણે ચિત્ અને અચિત્‌થી (ચૈતન્ય-જડ) વિશિષ્ટ જે એક તત્ત્વ છે તે તત્ત્વની સાથે વિશેષણોનો અભેદ છે એમ મનાય છે. નિમ્બાર્કાચાર્યના 'દ્વૈતાદ્વૈત' સિદ્ધાંત પ્રમાણે ચિત્ અને અચિત્ બ્રહ્મથી ભિન્ન તેમજ અભિન્ન પણ છે. મધ્વાચાર્યના 'દ્વૈત' સિદ્ધાંત પ્રમાણે ઈશ્વર અને જીવ વચ્ચે સનાતન અને પારમાર્થિક ભેદ છે. વલ્લભાચાર્યના 'શુદ્ધાદ્વૈત' સિદ્ધાંત પ્રમાણે બ્રહ્મ શુદ્ધ છે અને જીવ પરબ્રહ્મનો અંશ છે. તે ભકિતવડે પરબ્રહ્મને પ્રાપ્ત કરે છે. શૈવદર્શનમાં સર્વોપરી શિવ છે કે જે બંધનોમાંથી જીવને છોડાવે છે.

(आ) **નાસ્તિક દર્શનો**:-(૧) ચાર્વાકદર્શન-બ્રાહ્મણપુરોહિતોનો વિરોધ કરવા લોકાયતવાદ ઉદ્ભવ્યો. તેના સ્થાપક 'ચાર્વાક' હતા. આ દર્શનનો એવો સિદ્ધાંત હતો કે જ્યાં

સુધી જીવાય ત્યાં સુધી દેવું કરીને પણ ખાઈપીને આનંદ માણવો. (૨) બૌદ્ધદર્શન. આમાં બૌદ્ધે માનવ દુઃખોના નિવારણ માટે દુઃખોનાં કારણ અને ઉપાયોની શોધ કરી. દુઃખમાંથી મુક્ત થવા માટે અષ્ટાંગ (સમ્યક્ દૃષ્ટિ, સમ્યક્ સંકલ્પ, સમ્યક્ વાક્, સમ્યક્ કર્મ, સમ્યક્ આજીવ, સમ્યક્ વ્યાયામ, સમ્યક્ સ્મૃતિ અને સમ્યક્ સમાધિ) માર્ગ બતાવ્યો ૩. જૈનોનાં જ્ઞાન, શ્રદ્ધા અને ચારિત્ર એ મોક્ષસાધનો (ત્રણ રત્નો) છે. જૈનોએ બંધમોક્ષ સાચો માની ચારિત્ર ઉપર ભાર મૂક્યો છે.

મોક્ષ મેળવવા એટલે કે બ્રહ્મપ્રાપ્તિ માટે વેદો, ઉપનિષદો, સ્મૃતિઓ વગેરેમાં દેવસ્તુતિને મહત્વ અપાયું છે. મોક્ષપ્રાપ્તિના ચાર માર્ગો છે-(૧) ભક્તિમાર્ગ (૨) જ્ઞાનમાર્ગ (૩) યોગમાર્ગ (૪) કર્મમાર્ગ. (૧) ભક્તિમાર્ગ–આ માર્ગ અનુસાર ભક્તિ આકાર અથવા નિરાકાર ભગવાનને ભક્તિદ્વારા અનુગ્રહ કરવા વિનવે છે. ધનાદિ પદાર્થો સુખનું સાધન દેખાવા છતાં દુઃખ આપનારા બને છે ત્યારે તેમને છોડવા પડે છે. ત્યાગી સાંસારિક સુખનો ત્યાગ કરી વધારે શાશ્વત સુખ મેળવવા તપ કરે છે તેથી અંશ (જીવ–આત્મા) તેના અંશી (ભગવાન–પરમાત્મા) તરફ દોડે છે, કારણ કે ભગવાનનું સ્વરૂપ આનંદ જ છે. કોઈ જીવનમાં પ્રતિબંધક ન નડે તો અંશી ભગવાનમાં મળે. અંશીમાં અંશ મળી જાય કે તરતજ તેનો આ સંસારનો ઝગડો નષ્ટ થાય, જન્મ-મરણમાંથી છૂટે એટલે કે મોક્ષ પામે. જ્યાંસુધી જીવભાવ નષ્ટ ન થાય અને બ્રહ્મભાવ પેદા ન થાય ત્યાંસુધી અંશ (જડ) અંશી (ભગવાન)ની પ્રાર્થના કરે છે અને શક્તિ મેળવે છે. (૨) જ્ઞાનમાર્ગ–આ માર્ગવડે વેદો, ઉપનિષદો, સ્મૃતિઓ વગેરેનું જ્ઞાન મેળવીને તથા અજ્ઞાન (રાગદ્વેષાદિ)નું આવરણ



દૂર કરીને જ્ઞાની બ્રહ્મને પામે છે. (૩) યોગમાર્ગ–યોગના યમનિયમાદિ અનુસાર સમાધિ પ્રાપ્ત થાય છે એટલે કે મોક્ષ મેળવાય છે. (૪) કર્મમાર્ગ-જગતમાં કર્મ પ્રમાણે ફળ મળે તે માટેનો કાયદો તે 'કર્મનો સિદ્ધાંત' છે, તેમાં અપવાદ નથી. કર્મ એટલે ક્રિયા. જે ક્રિયા કરીએ તે કર્મ કહેવાય. ખાવું, પીવું, ચાલવું, ધંધો કરવો વગેરે. આ કર્મ ત્રણ પ્રકારનાં છે. (૧) ક્રિયામાણ કર્મ, (૨) સંચિત કર્મ, (૩) પ્રારબ્ધ કર્મ. જન્મથી મરણ સુધીનાં તમામ કર્મો ક્રિયમાણ કર્મ કહેવાય. ક્રિયામણ કર્મ ફળ આપ્યા વગર રહે નહિ. કેટલાંક ક્રિયમાણ કર્મ એવાં હોય છે કે તે તાત્કાલિક ફળ આપતાં નથી. કર્મ પાકીને ફળ આપે નહિ અને જમા રહે તે સંચિત કર્મ કહેવાય. સંચિત કર્મો આ જન્મે ફળ ન આપે તો બીજા કોઇ જન્મમાં ફળ આપે જ. સંચિત કર્મ પાકીને ફળ આપવા તૈયાર થાય તે 'પ્રારબ્ધ કર્મ' કહેવાય. પ્રારબ્ધ કર્મ પ્રમાણે દેહ, આરોગ્ય, પત્ની, પુત્ર વગેરે મળે છે. જે સ્ત્રી પુત્રાદિ મળે તેમની સાથે રહી મનુષ્યે મોક્ષમાર્ગ પર જવાનો પુરુષાર્થ કરવાનો છે. જીવનમાં ૧ ધર્મ ૨ અર્થ ૩ કામ અને ૪ મોક્ષ માટે કર્મો થાય છે. ધર્મ આચરતાં એટલે કે અસત્ય, લુચ્ચાઇ, કપટ, દગો વગેરે તજીને ધન (અર્થ) કમાવું જોઇએ અને પુરુષાર્થ કરવો જોઇએ. કામ (ઇચ્છા) અને મોક્ષ પ્રારબ્ધમાં હોય તો અનુકૂળ સંજોગો પ્રાપ્ત થાય અને મોક્ષ મળે. પ્રારબ્ધ કર્મો ભોગવી લેવાં સંચિત કર્મો જ્ઞાનાગ્નિથી ભસ્મ કરવાં તથા ક્રિયમાણ કર્મો એવી કુશળતાપૂર્વક કરવાં કે જે સંચિત ન થાય અને તરત ફળ આપે. આત્મા કર્માનુસાર બીજો જન્મ મેળવે છે અથવા મોક્ષ મેળવે છે.

આત્મકલ્યાણ માટે મનુષ્યયોનિ મળી છે તો દેહાભિમાન-

નો અહંકાર છોડવો જોઇએ. આત્માનો આ દેહ નથી. તે જર્જરિત થતાં છૂટી જવાનો છે. ક્ષણભંગુર સંસારના પદાર્થો તરફ આસક્તિ રાખવી નહિ. ધર્મનું પાલન કરવા ધર્મના નિયમો પ્રમાણે જીવન જીવવું. વૈરાગ્ય પ્રત્યે પ્રેમ રાખવો. પ્રભુપ્રેમ માટે લોકધર્મ (માબાપ કે પતિ અનીતિ કરવાની કહે તોપણ અનીતિનું આચરણ ન કરવું) તજવો. રાગ, દ્વેષ, માયા, મોહ, કામ, ક્રોધ, લોભ વગેરેનો ત્યાગ કરવો અને પારકાના ગુણદોષોની ચર્ચા ન કરવી. સાધુપુરુષોનો સત્સંગ તથા ધાર્મિક ગ્રંથોનો અભ્યાસ કરીને અજ્ઞાન દૂર કરવું, અજ્ઞાન દૂર થતા જેમ નદીઓ સમુદ્રમાં મળે છે ત્યારે નામ તથા રૂપનો ત્યાગ કરી દે છે તેમ બ્રહ્મને જાણનાર આત્મજ્ઞાની નામ અને રૂપથી રહિત થઇ દિવ્ય પરમાત્માને પામે છે એટલે કે પરમાત્મા સાથે એકરૂપ થાય છે. (સંપૂર્ણ)


શ્રી યોગેશ્વર કૃપા.

**સંદિપ વેલ્ડીંગ વર્કસ**

ગ્રીલ, દરવાજા તેમજ મેઈનગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમજ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે–સુરત.




# હરિરસની હેલી

ગોરધનભાઈ કલોલા

જગન્નાથપુરીની આ યાત્રામાં આપણે અનેરી હરિરસની મસ્તી માણી રહ્યા છીએ. જયરામવાટીથી કામારપુકુરની પદયાત્રામાં હરિરસની હેલીમાં સ્નાન કરી પ્રેમાનંદ માણ્યો. હવે તો પૂ. માના અંતરના અંતરતમમાંથી પ્રેમગંગા પ્રકટી ગઈ છે. જે કોઈને જ્યારે પૂ. માના દિવ્યસાનિધ્યમાં પહોંચવાનું સદ્‌ભાગ્ય સાંપડે છે ત્યારે તેઓ અનાયાસે પ્રેમામૃતનું પાન કરી અમૃતમય થવાનો આનંદ માણી લે છે. જગન્નાથપુરીની આ યાત્રામાં પૂ. મા જાણે પ્રેમસિંધુ સ્વરૂપે પ્રકટ્યાં. ઉદાર દિલે, મોકળે મને અમને કૃપામૃતનું પાન કરાવ્યું. યાત્રાની એકેએક ઘડી અણમોલ બની ગઈ. હરઘડીએ હરિરસનું પાન, આજે જ્યારે અમારી યાત્રા કલકત્તાથી જગન્નાથપુરી તરફ આગળ ચાલે છે ત્યારે અમારા સૌ ઉપર પૂ.માની કૃપાદૃષ્ટિ પડે છે.

સાંજે પૂ. મા સાથે સૌ યાત્રિકો હાવરા સ્ટેશન પર આવી ગયા છે. બરાબર સાંજે ૭ વાગ્યે હાવરાથી ટ્રેઈન ઉપડે છે. બધાને એક જ ડબ્બામાં રીઝર્વેશન મળ્યું છે. તેથી પૂ. માનું દિવ્ય સાન્નિધ્ય સહજ બન્યું છે. પૂ. માનુ સાન્નિધ્યજ એટલું ઉત્સાહપ્રેરક છે કે ટ્રેઈન ઉપડતાની સાથે જ "યોગેશ્વર ભગવાન કી જય" થી ડબ્બાનું વાતાવરણ જાણે પલટાઈ જાય છે. આ જયજયકારથી જ અમારો સંકીર્તન મહોત્સવ શરૂ થઈ જાય છે. શ્રી ઈશ્વરભાઈ ધૂન ગવડાવે છેઃ–

જય જય ભુવનેશ્વરીમા, જય જય માહેશ્વરી
જય જય બ્રહ્મેશ્વરીમા, જય જય અખિલેશ્વરી
જય જય કરૂણેશ્વરીમા, જય જય સર્વેશ્વરી.

જેમ સ્વીચ ઓન થતાં તરત જ પ્રકાશ થાય છે તેમ આજે ચૈતન્ય સ્પર્શે અમે જાણે પ્રકાશિત થઈ ઉઠ્યા છીએ. ઈશ્વરભાઈની ધૂનને સૌ ભારે ઉત્સાહપૂર્વક ઉપાડી લે છે. ચારે તરફ જયજયકારના પ્રતિઘોષ ઉઠ્યા છે. સ્ટેશન ઉપર તેમજ ડબ્બામાં રહેલા માણસો અમારી તરફ આશ્ચર્યભરી નજરે જોઈ રહ્યા છે. આજે અમને આસપાસ આમતેમ જોવાની ઇચ્છા નથી. બસ એક પ્રભુનામ સંકીર્તનની ધૂન લાગી ગઈ છે.

શ્રી ઈશ્વરભાઈએ ધૂન ગવડાવ્યા પછી એ ધૂન પાછળ રહેલી રહસ્યમયતા સમજાવતાં પોતાનો સ્વાનુભવ વર્ણવતાં કહે "રાત્રે આપણે જે ધૂન ગાતાગાતા સૂઈ જઈએ તેજ ધૂન સવારે જ્યારે જાગીએ ત્યારે ચાલુ હોય છે. આજની ધૂન આમ સહજ રીતે ચાલુ રહી હતી.

અમેરિકાથી આવેલા શ્રી વિનોદભાઇનું કુટુંબ પણ માની સાથે યાત્રામાં હતું. તેમની નાનકડી પુત્રી ભારવી પણ સંકીર્તનના રંગે રંગાઇ ગઈ હતી. એ પ્રેમરંગ આપોઆપ તેના કંઠ દ્વારા છંટાઇ રહ્યો છે.

હરિહર બ્રહ્મા સદ્‌ગુરુદેવા
ગુરુમાતા ગુરુપિતા ગુરુમહાદેવા—હરિહર—

ભારવીની ધૂન સાથે સૌ મસ્ત બની નાચી રહ્યા છે. પૂ. માનું ભાવપૂર્ણ વિરલ દર્શન અહીં થાય છે. પૂ. મા રીઝર્વેશનના નાના ડબ્બાના બારણાની વચ્ચોવચ ઉભાં છે. એક બારણું જે બંધ છે તેના ઉપર પૂ. મા પોતાના હાથથી ખૂબ જોશપૂર્વક તાલ આપી રહ્યાં છે. પૂ. માની આ મસ્તીથી સૌમાં ઉત્સાહ અને આનંદની ભરતી ઉમટી પડે છે. ચારે તરફ આનંદની છોળો ઉડી રહી છે. ભારવી પણ આજે ભાન ભૂલી



છે. સૌને ખૂબ નચાવ્યા, કૂદાવ્યા, પરંતુ અમારું નાચવા કૂદવાનું બંધ થાય તેમ ન હતું. એ ઉત્સાહની ભરતીમાં ઝુકાવતાં કલ્પુબેન મસ્તીથી ડોલી ઉઠયાં:–

જય જય બોલો આનંદે અંબે માતની રે
અંબે માતની રે, સર્વેશ્વરી માતની રે–જય જય.

જેમ જેમ ગાડી વેગ પકડતી જાય તેમ તેમ અમારો વેગ પણ વધતો જાય છે. ગાડી તો સ્ટેશને ઉભી રહે છે પણ અમે આજે એક પણ ક્ષણ અટકવા માગતા નથી. વિજયભાઇ પંડિતને પૂ. માનો પાલવ છોડવો ગમતો નથી. તેથી પ્રાર્થનાનો પોકાર પાડે છે:–

તરછોડી ને જાશો ના અમે તમારે પાલવ વળગ્યાં.
પાલવ વળગ્યાં મા, છેડલે વળગ્યાં
એકલવાયાં કરશો ના, અમે તમારે પાલવ વળગ્યાં.

આ પ્રાર્થનાનો એવો તો પડઘો પડયો કે પૂ. માના અંતરમાંથી સહજ પ્રત્યુતર સરી પડયો;

'છોડીને મા ગયાં નથી, ભક્તો વચ્ચે વસે અહીં.

પ્રાર્થના તરત જ માએ સાંભળી એટલે ભક્તમંડળી ભારે ઉત્સાહમાં આવી ગઇ. યોગેશ્વરમાવડીની કૃપા આજે પણ કેવી રીતે વરસી રહી છે તે પૂ. માએ પ્રત્યુત્તરમાં પ્રતિકાવ્યના રૂપમાં ગાઇ સંભળાવ્યું. તે વખતે પૂ. માની અલૌકિક મસ્તી માણવાનો લ્હાવો અનેરો હતો. જગન્નાથજીના દર્શને ગાડી તીવ્રગતિથી દોડી રહી છે. અમને સ્થળ-કાળનું ભાન રહ્યું નથી, ડબ્બામાં બીજા સહયાત્રીઓની આજે અમે પરવાહ કરી નથી. અમે જાણે આજે કોઇનું માનવાના

સુડમાં ન હતા. ટીકિટ ચેકર પણ આ ભાવવાહી દૃશ્યને ભારે વિસ્મયતાપૂર્વક નિહાળી રહ્યા છે. શ્રી જિતુભાઇ નાચતા કૂદતા પ્રભુને ભાવાંજલિ આપી રહ્યા છે.

ૐ નમો ભગવતે યોગેશ્વરાય નમઃ,
યોગેશ્વરાય નમઃ, રામકૃષ્ણાય નમઃ—ૐ નમો.

હવે અમે ચૈતન્ય મહાપ્રભુની લીલાભૂમિ તરફ પ્રયાણ કરી રહ્યા હતા. પૂ. માના અંતરમાંથી આપોઆપ ધૂન સરી પડે છે

શ્રી કૃષ્ણ ચૈતન્ય પ્રભુ નિત્યાનંદ
હરે કૃષ્ણ હરેરામ રાધે ગોવિંદા—

ચૈતન્ય મહાપ્રભુનું સ્મરણ થતાં જ તેમની કીર્તન મસ્તી-થી અમે સૌ રંગાઇ ગયા. અમે સૌ દિવ્યાનંદમાં જાણે ખોવાઇ ગયા. અમારી આસપાસ આનંદ આનંદ છવાઇ રહ્યો. હવે જાણે આનંદની અવધિ આવી ગઈ. જ્યારે પૂ. માએ રાધે રાધેશ્યામ મિલાદે.ની ધૂનથી રોમેરોમને પુલકિત કરી કરી દીધા, ત્યારે પદયાત્રાનો દિવ્ય રોમાંચ જાણે અમે બીજી વખત આ ટ્રેઇન યાત્રામાં અનુભવી રહ્યા. અમે ટ્રેઇનમાં બેઠા ત્યારે આવો દિવ્ય આનંદ માણવાની કલ્પના પણ ન હતી. આજે પણ પૂ. માની કૃપાવર્ષામાં અમે સ્નાન કરતા રહ્યા. પૂ. માની કૃપાથી પ્રભુપ્રેમની વિરલ મસ્તીનાં દૃશ્યોના સાથી બનવાનું સદ્‌ભાગ્ય અમને સાંપડ્યું. માની લીલા કયા સંજોગોમાં કેવા સ્વરૂપમાં પ્રકટી ઊઠશે તે કંઇ કહી શકાય નહિ. સાંજના ૭ વાગ્યાથી મધ્યરાત્રિના બાર વાગ્યાસુધી કીર્તનાનંદ લૂંટતા રહ્યા. પૂ. માએ શીખવ્યું કે રામઅમલમાં રાતામાતા રહેવું હોય તો કોઇ સ્થળ કે સંજોગ વચ્ચે આવતા નથી.



ભજનાનંદ પછી પૂ. મા એ પ્રસાદીથી સૌને પરિતૃપ્ત કર્યા. લાભુબેનને આજે થોડો તાવ છે. પૂ. મા તેમને માટે ડીસભરીને પ્રસાદી લઈ જાય છે અને દવાની ગોળી આપે છે. સાજામાંદા સૌનું મા ધ્યાન રાખે છે. સૌની વ્યક્તિગત ખબર અંતર પૂછતાં રહે છે.

રાતના બાર થયા છે. સમય સંજોગો ભલે બદલાય પરંતુ પૂ. માનો દિવ્ય સત્સંગ એક યા બીજી રીતે ચાલુ રહે છે. સૌ છોકરાઓનો ઉત્સાહ હજુ એવોજ છે. કોઈને ઉંઘવાની ઇચ્છા થતી નથી. ભરત, પ્રભુભાઇ, અજય, રાજુ, કલ્પુ, મીના, પૂર્ણિમા સૌ પૂ. માને વીંટળાઇને બેઠાં છે. પૂ. મા ક્યારેય કાર્યક્રમોની ગોઠવણી કરતાં નથી. સહજ રીતે જે શરૂ થાય તે કાર્યક્રમ. આજે પણ તેમજ બન્યું. દક્ષિણેશ્વરમાં જેમ રામકૃષ્ણદેવ સાથે શિષ્યોનો દિવ્ય વાર્તાલાપ સહજ રીતે ગોઠવાઇ જતો તેમ આજે પૂ. મા છોકરાઓ સાથે દિવ્ય વાર્તાલાપ કરે છે. જિજ્ઞાસા પ્રશ્નોનું સ્વરૂપ લે છે.

અજયઃ—મા, અધ્યાત્મ માર્ગમાં અમારી કોઈ ભૂમિકા કે ઉચ્ચ સંસ્કારો નથી તો પ્રગતિ માટે શું કરીએ ?

પૂ. માઃ—જુઓ, અત્યારે બીજા યાત્રીઓ ઉંઘી ગયા છે અને તમે જાગો છો. ઊંઘ, આરામ છોડી કંઈક તાલાવેલીથી વીંટળાઇને બેઠા છો, તમે કોઇ વ્યસનમાં સપડાયા નથી. બીજા કોઈ બાહ્ય આકર્ષણોમાં ફસાયા નથી. એ પ્રભુની પરમ કૃપા છે. એજ તમારી ભૂમિકા ને સંસ્કારો છે માટે "પ્રયત્ન કર, પ્રયત્ન કર, પ્રયત્ન કર, જરૂર એક દિવસ તારું દિવ્ય ધ્યેય પ્રાપ્ત કરીશ"

રાજુઃ-દુર્ગુણો અને બીજી વાસનાઓ પર કઇ રીતે કાબુ મેળવવો ?

પૂ. માઃ–દુર્ગુણોના વિજય માટે સતત પ્રાર્થના કરતી રહેવી. પવિત્રતા માટે પ્રભુને પ્રાર્થતા રહો, તમને કશુંજ થવાનું નથી. પ્રભુની કૃપાથીજ જીવન ચાલી રહ્યું છે. પ્રાર્થના કરો પવિત્રતા જરૂર મળશેજ, પ્રભુ તમારા સાચા નિર્ણયમાં જરૂર મદદ કરશેજ, નિર્ણયને વળગી રહો, કરોળિયાની જેમ પ્રયત્ન કરો. વિપરિત વાતાવરણમાં જાગૃતિપૂર્વક જીવો, સત્સંગ કરો.

પૂર્ણિમાઃ–સત્સંગ વખતે સંસાર પ્રત્યેનો વિવેક જન્મે છે, પરંતુ બીજી પરિસ્થિતિમાં તણાઇ જવાય છે. તો તટસ્થ રહેવા શું કરવું?

પૂ. માઃ–આપણા સંસ્કાર આપણને ખેંચી જાય છે, પરંતુ પ્રાર્થના કરવી અને પ્રભુ પ્રત્યેનો પ્રેમ વધારવો એટલે આપોઆપ સંસારના સંસ્કારો ઓછા થવા માંડે. તમે યાત્રાએ આવ્યા છો તો એટલા દિવસ તો સંસારના ચક્કરમાંથી છૂટયા જ છો ને? યાત્રામાં જે સત્સંગના ઊંડા સંસ્કારો પડ્યા છે તે સંસાર વ્યવહારમાં તટસ્થ રહેવામાં મદદરૂપ થશે. પ્રભુની પ્રસન્નતા વધે તેવો વ્યવહાર કરવો. પ્રભુની પ્રસન્નતાથી સર્વકંઇ મંગલ થાય છે.

પૂર્ણિમાઃ–પ્રભુનો પ્રેમ પ્રગટ કરવા શું કરવું?

પૂ. માઃ–નામસ્મરણ અને નિયમિત પ્રામાણિકપણે પ્રાર્થના સિવાય પ્રભુ પ્રત્યેનો પ્રેમ જાગૃત થઇ શકતો નથી. પ્રાર્થના અને નામજપ એ બે સાધનથી પ્રેમી બનાય. પ્રકૃતિ ઉપર વિજય પ્રાપ્ત કરવો એ સહેલી વાત નથી. કરોળિયાની જેમ પ્રયત્ન કરવો અને સહાયતા માટે પ્રાર્થના કરવી. પ્રાર્થના કેવા સ્વરૂપની હોવી જોઇએ તે સમજાવતાં પૂ. મા કહે છે કે પૂ. યોગેશ્વરજીનાં કેટલાંક ભજનો પ્રાર્થનારૂપે છે જેવાં કે



(૧) પ્રેમીપૂર્ણ બનાવો (૨) પ્રેમ રસ પ્રગટાવો (૩) પ્રેમ વિના ના સરે કાર્ય જરાય (૪) પ્રેમથી પ્રેમથી પ્રેમથી રે, મને રંગીદેને પ્રેમ રંગથી (૫) અશરણ શરણ તમે છો સાચે વિ. પ્રાર્થનારૂપે પ્રેમથી ગાવું. પ્રભુ સાથે વાતો કરવી તે પણ પ્રાર્થનાનું જ સ્વરૂપ છે.

ભરતઃ–લોકલાજ કે સામાજિક પ્રતિષ્ઠા માટે અમુક જાતનું આચરણ ન કરવું હોય તો પણ કરવું પડે છે, તો તે પ્રતિષ્ઠાના મોહમાંથી છૂટવા શું કરવું?

પૂ. માઃ–જુઓને, પૂ. શ્રીને લઇને હું ચંપલ વગર જ્યાં ત્યાં ચાલુ જ છું ને? છે કોઇ લોકલાજ? આપણે જેને યોગ્ય માનતા હોઇએ તેને અમલમાં મૂકવા હિંમત જોઇએ. લોકો શું વિચારશે તે કરતાં પ્રભુ શું કહેશે તેનોજ વિચાર કરવો જોઇએ. પ્રભુની પ્રસન્નતાનો જ ખ્યાલ રાખવો. જૂઠી પ્રતિષ્ઠાનાં ઝાળાંને તોડવાની હિંમત દાખવો. લીધેલા નિયમોનું કોઇપણ ભોગે ચૂસ્તપણે પાલન કરો.

પ્રભુભાઇઃ–માળાનું રહસ્ય શું છે?

પૂ. મા–'આ સંસારતણી છે શાળા, મનની ફેરવ એમાં માળા' આ સંસારનો એક માત્ર સાર પ્રભુ નામની માળા ફેરવવામાં જ છે. આ સંસારની શાળામાં આવીને માળા ફેરવવાનું શીખવાનું છે. સંસારમાં આવીને ધન, પદ, પ્રતિષ્ઠા કે સત્તાની માળામાંજ મન લાગેલું રહે છે. ઘડપણમાં ક્યારેક માળા ફેરવીએ છીએ તે પણ બીજાને બતાવવા માટે. માળા પ્રદર્શન માટે નહિ, પ્રભુ પ્રેમ પ્રગટ કરવા માટે છે.

ટ્રેઇનનો એ ડબ્બો જાણે હિમાલયના એકાંત આશ્રમનો સાધનાખંડ બની ગયો છે. મધ્યરાત્રિએ સંકીર્તન પછી શરૂ થયેલી પ્રશ્નોત્તરી વહેલી સવારના ચાર વાગ્યાસુધી ચાલે છે.

આ દિવ્ય વાર્તાલાપ કરતાં કરતાં પૂ. મા છોકરાઓ ઉપર વ્હાલ વરસાવતાં જાય છે અને તેમના જીવનને ઘેરી વળતી નિરાશા અને હતાશાના વાદળાઓને વિખેરતાં જાય છે. તેમના જીવનમાં પ્રભુપ્રેમની નિષ્ઠાનાં બીજ વાવતાં જાય છે. છોકરાઓના હાલકડોલક થતા જીવન જહાજને પ્રભુપ્રેમની દીવાદાંડી તરફ સ્થિર કરે છે.

ખાસ કરીને યુવાન છોકરાઓ માટે કલકત્તાથી જગન્નાથપુરીની એ ટ્રેઇન રાત અમર બની ગઇ, જગન્નાથપુરી પહોચ્યા ત્યારે છોકરાઓના એ પ્રત્યાઘાત હતા કે અમારા જીવનની એ રાત અવિસ્મરણીય બની ગઇ. તે રાત્રે અમને મળેલું જીવન ભાથુ આજીવન તો શું જન્માંતરોસુધી અખુટ રહેશે. આખી રાતના ઉજાગરાને સ્થાને સૌ છોકરાંઓના વ્યકિતત્વમાંથી કંઇક અમુલખ, અણમોલ પ્રાપ્ત કર્યું છે તેવી ખુમારી વ્યક્ત થતી હતી. સૌ કહેતા હતા કે પૂ. માના પ્રેમનો અમારી પાસે કોઇ જવાબ નથી.

અમે મા પાસે નાના બાળક બની જઇએ છીએ એ વાત્સલ્યભાવનો સંજીવની સ્પર્શ પામવા "હે મા અમને તમારા સદા બાળક બનાવજો."

એ રાતના અખંડ આરાધનાના આનંદનો આવિર્ભાવ પૂ. મા પુરીના સ્ટેશન પર ઉતર્યાં ત્યારે સ્પષ્ટ વર્તાતો હતો. પ્રસન્નતા અને હળવી હાસ્ય લહરીઓ વહાવતાં પૂ. જગન્નાથપુરીની પાવન ધરતીપર પદાર્પણ કરી રહ્યાં.

અમને સૌને યાત્રા કર્યા પહેલાં જ યાત્રાની પૂર્ણતાનો સંતોષ હતો. પૂ. માનું દિવ્ય સાન્નિધ્ય એ અમારા માટે હરપળની યાત્રા જ હતી. મા અમારા માટે હાલતા ચાલતા જગન્નાથજી હતાં.



# ઈશ્વરથી અભિન્ન થવાનું સાધન

ઈશ્વરભાઇ શાહ

આગળ કહી ગયા કે સાધનાના અનેક રસ્તા છે તો તે વાત હવે કરીએ.

હાલ મુખ્ય બે વિચારધારા પ્રચલિત છે.

(૧) ઘર, કુટુંબ છોડી, વસ્ત્રો બદલી, જંગલમાં જઈ, એકાંતમાં રહી, તપ વગેરે કરી પોતાનું કલ્યાણ કરવું.

(૨) બીજી વિચારધારા છે કે સમાજનું કલ્યાણ કરી, સાથોસાથ પોતાનું કલ્યાણ કરવું.

પહેલા નંબરની વિચારધારા બરાબર નથી. જે પોતાના કલ્યાણની વાત છે. તે સદા મનમાં રહે છે. પોતે તો આત્મા છે. તેને કલ્યાણની જરૂર નથી. તપ, જપ કશાની જરૂર નથી. ઊલટાનું દરેક વસ્તુ, વ્યક્તિ, પરિસ્થિતિ તથા ક્રિયા છોડો તોજ આત્માથી અભિન્ન થવાય છે.

જેટલા સંતો થયા છે તે બધા સમાજ વચ્ચે રહીને જ થયા છે. જલારામ, નરસિંહ, કબીર, તુલસી, મીરાં, આનંદમયી મા, રમણ મહર્ષિ બધા જ સમાજ વચ્ચે રહ્યા છે. જંગલમાં ગયા નથી. ખરેખર જરૂર પણ નથી.

તપને સંબંધ શરીર સાથે છે. આત્મા સાથે નથી. શાસ્ત્રોમાં જે વાતો આવે છે તે તમે સમજતા નથી. ધ્રુવ, પ્રહ્લાદનો દાખલો લ્યો. ધ્રુવને તપથી ભગવાન નથી મળ્યા, પણ ધ્યાનથી મળ્યા છે. પ્રહ્લાદને તપ, ધ્યાન કશાની જરૂર નથી. માત્ર એક આસ્થા દૃઢ કરેલ હતી કે " ભગવાન છે. " ધ્રુવ કરતાં પ્રહ્લાદનો નંબર પહેલો છે. એટલે અમે બંને વિચાર-

ધારાનું સમર્થન કરીએ છીએ. છતાં વિચારધારા નંબર બેનું આચરણ કરીએ છીએ. સમાજનું કલ્યાણ અને વ્યક્તિનું કલ્યાણ–એક જ સિક્કાની બે બાજુ છે. એક થાય તો બીજુ થાય જ. વ્યક્તિ વિકસે તો સમાજ વિકસે, સમાજ વિકસે તો વ્યક્તિઓ વિકસે. આ અન્યોન્ય છે.

વિકાસ કરવાની ક્ષમતા એક માત્ર માનવમાં છે. દેવને નથી. પશુ પક્ષીઓને પણ નથી. આ કારણે માનવ ઉપર મોટું દાયિત્વ છે. એટલે ઈશ્વરે માનવને બુદ્ધિ તથા વિવેકનો પ્રકાશ દઇ સ્વતંત્રતા દઇ દીધી છે.

તો હવે માનવ કોણ કહેવાય ? જે ઈશ્વરે આપેલ પ્રકાશમાં પોતાના દોષો જોઈને કાઢે અને પોતાની નબળાઇને કાઢી માનવતાના રસ્તે ચાલે તે છે માનવ. માનવ તે છે સાધનયુક્ત પ્રાણી.

હવે જે સાધનના રસ્તે ન ચાલે તે કેવો છે ? અમાનવ. અમાનવતા તે પશુતા કરતાં નીચી છે. અને માનવતા તે દેવ કરતાં ઊંચી છે.

માનવતાયુક્ત માનવને દેવ કહેવો તે તેની નિંદા છે તેમજ અમાનવતાયુક્ત માનવને પશુ કહેવો તે પશુની નિંદા છે. માનવ કોણ તે જાણ્યું. હવે માનવતા શું તે જાણીયે.

માનવતા છે ધર્મ. અમાનવતા છે અધર્મ. માનવતા એટલે સેવા–ત્યાગ–પ્રેમ. આ માનવતાનું બાહ્ય ચિત્ર છે. જ્યારે યોગ–બોધ–પ્રેમ આ માનવતાનું આંતરિક ચિત્ર છે. યોગ+બોધ+પ્રેમ=ઈશ્વર.

ગમે તે એક લ્યો. યોગમાં બોધ અને પ્રેમ છે. બોધમાં યોગ અને પ્રેમ છે. પ્રેમમાં યોગ અને બોધ છે એકમાં ત્રણ છે અને ત્રણમાં એક છે.



માનવતા એટલે (૧) ચેતના (૨) શક્તિ (૩) આસ્થાનો સમૂહ.

**(૧) ચેતનાઃ**–ચેતના તો દરેકમાં છે. ચેતન તત્ત્વમાં દેખાય છે. અચેતન તત્ત્વમાં સુપ્ત સ્થિતિમાં છે. આ એક પ્રકાશ તત્ત્વ છે જે માનવતાનું અંગ છે.

**(૨) શક્તિઃ**–દરેક તત્ત્વમાં શકિત પણ છે. આ શકિત પણ માનવતાની દેન છે.

**(૩) આસ્થાઃ**–આસ્થા તત્ત્વ ખૂબ ઉંચું તત્ત્વ છે. અને તે રહે છે બુદ્ધિમાં. આસ્થાથી બધાં કામ પાર પડે છે. આસ્થા પછી જ શ્રદ્ધા, વિશ્વાસ, આત્મીયતા, પ્રિયતા, ભકિત વગેરે જાગે છે.

આસ્થા એટલે 'ઈશ્વર છે' આ વાત ૧૦૦ ટકા દઢ થવી જોઇએ. પછી જ શ્રદ્ધા જાગે. નહિતર આગળ જવાય જ નહિ.

૧૦૦ની નોટમાં કેવી આસ્થા છે ? હાથમાં આવતાં જ થાય છે કે તેલ આવે, ઘઉં આવે, પેંડા આવે, ગાંઠીયા આવે, કપડાં આવે, આવે નહિ, આવી જ ગયાં. તેવી આસ્થા થઇ જાય છે. આવી આસ્થા 'ઈશ્વર છે' તેમાં જોઇએ. ૧૦૦ની નોટ છે હજી હાથમાં, વસ્તુઓ દુકાનદારની દુકાનોમાં છે, છતાં બધી વસ્તુઓ મળી ગઇ તેમ આસ્થા થાય છે. આ પ્રમાણે ઈશ્વરને જોયો નથી, પણ તેની બનાવેલ સૃષ્ટિ સામે દેખાય છે. એક હિમાલય પર્વત કોઇ વિજ્ઞાનિક ન બનાવી શકે. પણ એ વ્યકિતએ બનાવેલ છે જરૂર. ભલે તે વ્યક્તિ ન દેખાય પણ તે વ્યકિતનાં કાર્યો દેખાય છે. આ વ્યકિતનું જે નામ આપવું હોય તે આપો. ઈશ્વર, સત્–અસ્તિત્વ, ચેતનતત્ત્વ, રામ, કૃષ્ણ, મહાવીર ગમે તે આપી શકાય. તેથી કોઇ ફેર નથી પડતો.

આ આસ્થા તત્ત્વ દરેકમાં પડ્યું છે. લાવવાની જરૂર નથી. તે માનવતાએ દીધેલ છે.

માનવતા એટલે ચેતના, શક્તિ, આસ્થા. આ માનવતાનો મહિમા છે. આ માનવતામાંથી માનવ બન્યો છે. એટલે માનવ પાસે પણ આ ત્રણ વસ્તુ છે. માનવને (૧) ચેતનાએ વિવેક અને બુદ્ધિનો પ્રકાશ દીધો (૨) શક્તિએ માનવને બળ અને યોગ્યતા દીધી અને (૩) આસ્થાએ પ્રીતિ દીધી. એટલે માનવ બન્યો જ્ઞાન, બળ, પ્રીતિનો પુંજ.

હવે માનવને કહ્યું કે હે માનવ, હું તારા સ્વરૂપથી ખૂબ પ્રસન્ન છું. માટે તું જ્ઞાન, બળ, પ્રીતિ લઈ જા. માનવ કહે, આ લપ હું શા માટે રાખું ? માનવતા કહે, તારે મને પાછાં દેવાનાં છે. તારા માટે તે વાપરવાનો પ્રશ્ન નથી. હું તને પરતંત્ર-પરાધીન બનાવવા નથી ઇચ્છતો. હું જાણું છું કે તારે પોતા માટે કાંઇ જરૂર નથી. તું તો ઈશ્વરનો લાડીલો દીકરો છો. પણ આ ત્રણે બીજાને દેજે, તો મને મળી જશે. અને તું અને ઈશ્વર અભિન્ન થશો.

મારી વાતમાં ઈશ્વર કે શાસ્ત્રનાં કવોટેશન નહિ હોય, પણ ૧૦૦ ટકા વેદ-ઉપનિષદ્-ગીતા-ભાગવત-રામાયણનો સાર હશે.

'ઈશ્વર' શબ્દ પકડી તમે બેસી ગયા અને ઈશ્વર શબ્દના છાંયડે બેસી પાપો જ કર્યાં છે. એટલે ઈશ્વર શબ્દ તમને યાદ દેવડાવવા જેવો નથી.

સાધકને માનવતા પાસેથી (૧) પ્રકાશ-જ્ઞાન મળ્યું. (૨) બળ મળ્યું અને (૩) પ્રીતિ મળી. પહેલાનું (પ્રકાશ-જ્ઞાનનું) નામ ત્યાગ છે. બીજાનું (બળનું) નામ સેવા છે. ત્રીજા (પ્રીતિ) નું નામ પ્રેમ છે. વળી માનવતા પાસેથી સેવા



વચનથી બંધાયેલ છે કે બીજા માટે વાપરીશ. તો હવે બીજા માટે વાપરતાંજ બળ-સેવામાં, ત્યાગ-જ્ઞાનમાં, પ્રીતિ-પ્રેમમાં પરિવર્તન થાય છે. કરવાં નથી પડતાં.

**નંબર (૧)** બળ તમારૂં ન માની બીજા માટે વાપરો, ભલે શરીરબળ, વિદ્યાબળ, સંપત્તિબળ હોય તો આપોઆપ સેવામાં બદલાઇ જઇ યોગ સિદ્ધ થાય છે. આને શાસ્ત્રો કર્મયોગ કહે છે.

**નંબર (૨) ત્યાગ.** અહીં તમે એકલાજ પુરુષ છો. બાકી બધા પ્રકૃતિ છે. સ્ત્રી પણ પુરુષ છે. અધ્યાત્મમાં પુરુષ-સ્ત્રી ભેદ નથી. આ ભેદ શરીર સાથે સંબંધ ધરાવે છે. હવે પોતા સિવાય બધાજ પ્રકૃતિ જે જડ છે. પુરુષ પોતે ચેતન છે. ચેતન-જડ સાથે સંબંધ ન સંભવે. માનેલ સંબંધ છે. આ માનેલ સંબંધનો ત્યાગ તે જ મોટામાં મોટો ત્યાગ છે. ઘર-પત્ની-કપડાંનો ત્યાગ તો ભાગેડુનો ત્યાગ છે. પ્રકૃતિ સાથે કદી કોઈ કાળે સંબંધ નથી. પણ માનેલ સંબંધનો ત્યાગ કરી પ્રકૃતિથી સંબંધ વિચ્છેદ માનવો તેનું નામ છે જ્ઞાનયોગ.

જ્ઞાનયોગી ઘર છોડે છે. પત્ની, બાળકો, કુટુંબ છોડે છે. આ છોડવાને ત્યાગ માની અહમને મજબૂત કરે છે. પછી ઉપડે છે જંગલમાં, એકાંતમાં રહી તપ કરે છે. આ તપથી શરીર સિદ્ધિ તો મળે જ. તે મળે એટલે વળી વધુ અભિમાની બને છે. સમાજને તુચ્છ જાણે છે. કોઇને મળતો નથી. બધાંને હાંકી કાઢે છે. આ વાતને જ્ઞાનયોગ સાથે સંબંધ નથી.

તમે ૧૨ વર્ષ ન બોલો તો તે વાણીનું તપ છે. વચન સિદ્ધિ મળે. પણ આત્મા ન મળે. આ પ્રમાણે તમે આંખે પાટા ૧૨ વર્ષ બાંધી રાખો તો તમારી દિવ્ય દૃષ્ટિ સ્વતઃ

થાય. આ આત્મા પ્રાપ્તિ નથી. પણ સ્થૂળતામાંથી સૂક્ષ્મતા તરફ જવું છે.

આંખ, નાક, કાન, જીભ, ચામડી આ દેખાય છે જેથી સ્થૂળ છે. પણ આ બધાનું મૂળ મસ્તકમાં છે. જેને સંબંધ સૂક્ષ્મ જાળ સાથે છે.

આંખે પાટા બાંધો તો સૂક્ષ્મ જોવાની શક્તિમાં પ્રવેશ થાય. આ પ્રમાણે નાક બંધ કરો તો સૂક્ષ્મ સુગંધ જગતમાં પ્રવેશ થાય. ત્યાં દુર્ગંધ નથી. આ પ્રમાણે રસના–જીભના સ્વાદનો ત્યાગ ૧૨ વર્ષ કરો તો કામ ઉપર વિજય મેળવી, રામ બનાય.

૧૪ વર્ષનો વનવાસ શા માટે ? કેમ ૨૦ વર્ષ નહિ. ૧૪ વર્ષમાં બે વાર માનવ મરી જાય છે. અને તદ્દન નવો બને છે. મેડીકલ સાયન્સ કહે છે કે સાત વર્ષે બધા જીવાણું બદલાઇ જાય છે. આ જુનાનું મૃત્યુ છે. આ પ્રમાણે તમે ૧૪ વર્ષ તપ કરો તો સિદ્ધિ મળે જ. આ પ્રાકૃતિક નિયમ છે. સિદ્ધિ તે આત્મ પ્રાપ્તિ નથી. ઉલટુ બાધક છે.

**નંબર (૩) પ્રીતિઃ**–આ પ્રીતિ તમારે તમારા ઉપર કરવાની છે. શરૂમાં કોઇ રામ, કૃષ્ણ, મહાવીરનો ભાવ કરી તેની સાથે પ્રીતિ કરો. તો સમય જતાં પ્રીતિ પોતેજ તે બધાને છોડી તમારા ઉપર શરૂ થશે. આ પ્રીતિ વસ્તુ સાથે કરશો તો પ્રીતિ સ્વતઃ આસક્તિમાં બદલાઇ જશે. પ્રીતિ કોઇ વ્યકિત ઉપર કરશો તો પ્રીતિ મોહમાં બદલાઇ જશે. આ પ્રીતિ કોઇ પરિસ્થિતિ સાથે કરશો તો રાગ બની જશે.

બે વાત છે (૧) યોગમાં બોધ અને પ્રેમ છે. જ્યારે (૨) ભોગમાં આસક્તિ અને મોહ છે. બોલો શું પસંદ છે ? યોગ કે ભોગ ?



યોગમાં સેવા મુખ્ય છે. આને કર્તવ્ય પરાયણતા કહે છે. બોધ એટલે આત્માને આત્મા વડે આત્મા જોવો તે. પ્રેમનો સંબંધ ઈશ્વર સાથે છે. જેમાં વિશ્વાસ સાધન છે. બધા વિશ્વાસો છોડી એક જ ઈશ્વર ઉપર વિશ્વાસ તે પ્રેમનું પરિણામ છે.

યોગ તે સેવા છે. આ છે કર્મયોગ. જેનું ફળ છે શાંતિ.

બોધ તે ત્યાગ છે. આ છે જ્ઞાનયોગ. જેનું ફળ છે. અખંડ રસ.

પ્રેમ તે પ્રેમ છે. આ છે ભક્તિયોગ. જેનું ફળ છે અનંત રસ.

(પ. પૂ. સ્વામીશ્રી સંપૂર્ણાનંદજી બાપુના સત્સંગમાંથી)

## વિશેષ અભિનંદનીય

કેનેડાના ટોરેન્ટો શહેરમાં પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીનું ધ્યાનકેન્દ્ર ખૂબ ઉત્સાહ ને શ્રદ્ધા–ભક્તિથી ચલાવવાનું કાર્ય શ્રી સુરેશભાઇ શાહ અને એમનો પરિવાર કરી રહ્યો છે. તેઓ પૂ. શ્રીના પરિચયમાં છેલ્લાં ચાલીસ વર્ષથી છે. આથી પૂ. શ્રીના લીલા સંવરણ દિન પ્રસંગે ત્યાંના ઉત્સાહી સાધક ભાઇ બહેનોએ અધ્યાત્મ માટે પોતાનો ખાસ સંદેશ મોકલાવ્યો છે અને માર્ચ ૮૬ના અંક માટે આર્થિક મદદ પણ મોકલી છે. તે બદલ શ્રી સુરેશભાઇ તેમજ ટોરેન્ટો ધ્યાનકેન્દ્રના સહુ સાધક ભાઇબહેનો વિશેષ અભિનંદનના અધિકારી છે.

## ભાવાંજલિ

દેહધારી સંતની, ચૈતન્યશક્તિ છે ગુરુ !
જડ દેહ સાથે નાશ ના, સ્થળ–કાળથી પર છે ગુરુ !
ગુરુચેતના જયવંત જ્યોતિર્મય ઝળકતી છે સદા,
—જે સિંચતી શ્રેયાર્થીમાં, નિજ જ્ઞાન–સંપત સર્વદા !

સત્સંગ રંગે હૃદય રંગી, 'ભાવ'ની વૃદ્ધિ કરે !
નિત્ય નિર્મળ રાખીને, વ્યવહારની શુદ્ધિ કરે !
શુભ મંગળ ભાવ દિલમાં સતત ઘૂંટાતો રહે,
ને, સદ્‌ગુરુચૈતન્ય સાથે તાર જોડાતો રહે !

'સાધન' થકી ગુરુચેતનાનું અવતરણ 'દિલ'માં થતું !
ને, બોધ પામી માર્ગનો, જીવન અહા ! ઊર્ધ્વે જતું !
શ્રીસદ્‌ગુરુ ભગવંતને વંદન હજારો વાર હો !
'સર્વમંગલ'—ધ્યેયનો જયકાર હો ! જયકાર હો !

—રતિલાલ ભાવસાર

Statement about the ownership and other particulars about magazine **'ADHYATMA'** monthly to be published in the issue every year after the last day of February.

**Form–IV (See Rule–8)**

| | |
|---|---|
| 1. Place of Publication : | **'ADHYATMA'** plot No. 1688 B, Sardar nagar, Bhavnagar–1 |
| 2. Periodicity of its publication : | Monthly |
| 3. Printer's name, Nationality and address : | Narayan H. Jani Indian. Plot No. 1688–B Sardarnagar, Bhavnagar. |
| 4. Publisher's name, Nationality and address : | Same as above. |
| 5. Editor's name, Nationality and address : | Same as above. |
| 6. Name and addresses of individual who own the magazine and partners, share-holders holding more than one percent of the total capital. | The magazine is owned by pujpa Shri Yogeshwarjee, Sarva Mangal Charitable Trust, Naranpura, Ahmedabad–13 |

I, Shri Narayan H. Jani, hereby declare that the particulars given above are true to the best of my knowledge and belief.

Dated. 10 th, March 1986

Narayan H. Jani
Publisher.

( પાના ૧૬ નું અનુસંધાન )

ના મોહથી દૂર રહેવાનો બોધ તેઓશ્રીએ આપ્યો છે જ. સાધનાના આરંભકાળમાં આ વસ્તુઓ સાધકને તેના ધ્યેયથી વિચલિત કરી દે એવો ભય રહે છે.

પૂ. શ્રીએ પોતાના જીવનમાં ને વ્યવહારમાં ધનને મહત્ત્વ આપી સંબંધો બાંધ્યા નથી. છતાં ધનનો સદંતર અનાદર પણ કર્યો નથી. આવશ્યકતા પૂરતું ને આપી શકે તેવા પ્રેમી ભકતોની ભેટ તેઓ સ્વીકારતા. છતાં એમને મન એક અકિંચન પ્રેમી ભકત પણ એટલો જ પ્રેમાસ્પદ રહેતો, જેટલો એક ધની. પૂ. શ્રીના જીવનમાં આ વિરલ વસ્તુ હતી. એમનામાં વિવેકની જ્યોતિ હંમેશાં ને હરપળ જાગ્રત દેખાતી એટલે જ ધન, સંપત્તિ ને સુખસગવડ ભર્યો વૈભવ એમને કદી આકર્ષી શક્યાં ન હતાં.

પૂ. શ્રી ખૂબ સ્વમાની હતા. સાધનાકાળમાં તેઓશ્રી અયાચક વ્રત પાળતા અને જીવનની સર્વોચ્ચ સિદ્ધ અવસ્થાએ પહોંચ્યા પછી પણ જ્યારે અનેક લોકો એમના ચરણોમાં લક્ષ્મી સમર્પિત કરવા આવતા ત્યારે ધન ખાતર એમણે કદી આત્મ ગૌરવને નીચું પડવા દીધું નથી. સાચા અર્થમાં તેઓશ્રી એક વીતરાગી, સદા આત્મતૃપ્ત ને અનિકેત મહા-પુરુષ હતા. ગીતાનાં સ્થિતપ્રજ્ઞ, ગુણાતીત કે ભકતનાં બધા જ લક્ષણોનું પૂ.શ્રી જીવંત પ્રતીક હતા. આ બધી વાતો પૂ.શ્રીએ કહ્યા સિવાય આપણને આચરી બતાવી છે.

પૂ. શ્રીનું પ્રદાન જીવનમાં સર્વે ક્ષેત્રોને આવરી લેનાર એક મહાપુરુષનું રહ્યું છે. એમણે આપણને એ શિખવ્યું કે એક સાચા માનવ તરીકે આપણે કેવી રીતે જીવી શકીએ; વ્યાવહારિક જીવનમાં રહી વિવેક જાળવી કેવી રીતે પ્રભુના માર્ગે આગળ વધી શકાય. આ પ્રદાન શું ઓછું છે. અને છેલ્લે...



જેમનામાં શ્રદ્ધાભક્તિ છે, ભાવ છે, જેઓને ગુરુનું અવ-લંબન આવશ્યક લાગે છે એમના માટે પ. પૂ. શ્રીએ પોતાના હાથે જ દીક્ષિત કરેલાં પૂ. મા શ્રી સર્વેશ્વરીનું પ્રદાન એ સૌથી મોટું પ્રદાન છે. તપ અને તિતિક્ષા, પ્રેમ અને વાત્સલ્ય, ત્યાગ ને વૈરાગ્ય, ગુરુપ્રેમ અને ગુરુનિષ્ઠાના સર્વોત્તમ જીવંત પાઠોનું પ્રત્યક્ષ આચરણ પૂ. માના જીવનમાં આજે આપણને દેખાય છે. એવું અનુભવાય છે કે પૂ. મામાંજ પૂ. શ્રી સમાયા છે–સૂક્ષ્મ સ્વરૂપે એમના દ્વારા જ જાણે ભકતોનું મંગલ કરી રહ્યા છે.

આ પૃથ્વી પર જન્મીને જેમણે પ્રભુનું પ્રત્યક્ષ દર્શન કર્યું છે, એવા એક મહામાનવ સાથે આપણે જન્મ્યા, જીવ્યા એ આપણું મોટું ભાગ્ય છે.

પ. પૂ. મહાત્મા યોગેશ્વરજી તો ભકતો ને સાધકો માટે અનરાધાર વરસ્યા, પરંતુ લોકો પોતાની લાયકાત કે યોગ્યતા પ્રમાણે પામી શકયા.

મારી શાંતિ અને વિનોદનું રહસ્ય ઇશ્વર એટલે કે સત્ય પરની મારી અચળ શ્રદ્ધામાં છે, હું કંઇ જ કરવાને સમર્થ નથી એનું મને ભાન છે. પરંતુ ઇશ્વર મારામાં વસે છે અને તે મારી પાસે સર્વ કંઈ કરાવે છે. પછી મારે દુઃખ કેવું ? વળી મારી પાસે તે જે કંઇ કરાવે છે તે મારા ભલાને માટે જ છે એ પણ હું જાણુ છું. આ ભાનથી પણ મારે પ્રસન્ન રહેવું જોઇએ. ઇશ્વરે બાને ઉઠાવી લીધી તે બાના ભલા માટે તેથી બાના વિયોગથી મારે દુઃખી થવાનું ન હોય.

# પ્રકાશના પંથે

—સંક્ષેપ-પરમાર્થી

(પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીની આત્મકથા)

## ભયંકર બિમારી

એ સાધુની મુલાકાત પછી લગભગ સાતેક દિવસમાં મને ઝાડા થઈ આવ્યા. સાથે ઝીણો તાવ પણ આવવા લાગ્યો. સરકારી વકીલ કદી કદી સત્સંગ માટે આવતા તેમણે તાવની દવા લાવી આપી. પણ તેથી તાવ વધ્યો. આખરે ડોકટરને બોલાવ્યા. તેનું પણ કાંઇ સારું પરિણામ આવ્યું નહિ. વરસાદની ઋતુ, માંદગી ને વળી હિમાલયનું એકાંત વન એટલે માતાજી ગભરાઈ જાય એ સ્વાભાવિક હતું. ખરેખર, એ દશા ભલભલાને ગભરાવી મૂકે તેવી ને ખૂબ જ ખરાબ હતી. શરીરે પરસેવાના રેલા છૂટવા માંડ્યા. શ્વાસની ગતિ નહિવત્ થઈ ગઇ. શરીર તદ્દન ઠંડું પડી ગયું. મને વિચાર થયો કે જે મહાન આદર્શને માટે મેં આટઆટલાં કષ્ટ સહ્યાં, હિમાલયનાં જંગલમાં ને પહાડોમાં નિવાસ કરી ચિંતા કરી, અનેક ઉપવાસો કર્યાં, ને ઈશ્વરે પોતે જે આદર્શની પ્રેરણા આપી, તે આવી કરુણ રીતે એકાએક પૂરો થશે ? શું મારી મહત્ત્વાકાંક્ષા સફળ નહિ થાય ? શું આ છેલ્લો વખત છે ?

કોઇ અગત્યના કારણસર કશુંક બને તો પણ કૃપાળુ "મા" મને સંદેશ આપ્યા વિના રહે જ નહિ. એ મારો વિશ્વાસ છે. એ કરુણ દશામાં પણ વિશ્વાસના એવા વિચારો મનમાં ઊઠી રહ્યા. પરંતુ વાસ્તવિક દશા વિપરીત હતી. શરીર ઠંડુગાર હતું, ને ભાન વધારે ભાગે જતું રહ્યું હતું. મેં "મા" ને પ્રાર્થના કરવા માંડી. મારું બધું જ ધ્યાન કૃપાળુ મા પર કેન્દ્રિત થયું.



માતાજીના શોકનો પાર ન હતો. હું હિંમત આપવા ગમે તેટલા સંકેત કરું પણ હિંમત ક્યાંથી મળે ? કોઇની દ્વારા દેવપ્રયાગ ગામમાંથી મગનલાલ, પર્વત પરની ગઢીમાં રહેતા વૈદરાજ, વકીલ એમ બે ત્રણ જણને બોલાવવા મેં કહ્યું. પણ માતાજી કોના દ્વારા બોલાવે ? કોઇ માણસ મળે તો ને ! માતાજી ઉપર જાય ને નીચે આવે ! શું કરવું તે સમજાય નહિ. તે પોતે જાય તો મારી સંભાળ કોણ રાખે ? ભારે કફોડી દશા હતી. પણ ઈશ્વર દયાળુ છે. શાંતા નદીમાં ભેંસને પાવા ધુનાર જાતિના કેટલાક માણસો નીચે આવી પહોંચ્યા, માંડ માંડ સંકેતમાં સમજાવીને માતાજીએ તેમને ઉપર બોલાવ્યા. તે બધા મગનલાલ, શ્રીધર, વૈદરાજ વિગેરેને બોલાવી લાવ્યા. મગનલાલે આવતા વેંત જ મને ગોળી ખવડાવી દીધી. પેટે ને હાથે પગે ગાયનું ઘી ચોળ્યું. એથી સારું લાગ્યું. પછી મારી ઈચ્છા પ્રમાણે તેઓ તેમને ત્યાં નીચે લઇ ગયા.

લગભગ એકવીસ દિવસ સુધી તાવ ને બીજા દર્દ રહ્યાં. એ એક ભયંકર ઘાત ગઈ. માતાજીની તો આકરી કસોટી થઇ. તેમનું પોતાનું શરીર એટલું સારું ન હતું. છતાં દિન રાત તેમને ખૂબ જ પરિશ્રમ કરવો પડ્યો. એ દિવસો પણ ઈશ્વર કૃપાથી ચાલ્યા ગયા. એકવીસ દિવસ પછી તાવ હટવા માંડ્યો. શરીરે નાની નાની ફોલ્લીઓ થઈ ગઇ. ટાઈફોડ મટવાની એક નિશાની હતી. ધીરે ધીરે પચાસ દિવસ બાદ મગનું પાણી આપવાની શરૂઆત થઈ. એ દિવસોમાં અશક્તિ અતિશયતા પર પહોંચી ચૂકેલી. એક રીતે મારો પુનર્જન્મ થયો એમ જ કહી શકાય.

એ દિવસોમાં પ્રેમી રામેશ્વરે, વકીલે, મગનલાલે ને ડોકટરે પણ ખૂબ જ સેવા કરી. જે ડોકટરે મદદ કરી તેમને પણ

કદી ભૂલી શકાય તેમ નથી. ડૉકટર પંજાબી હતા. તેમની મદદ મળવાના સંજોગો ઈશ્વરે પહેલેથી જ ઉભા કરી દીધેલા.

મારી આ ટાઈફોઈડની ગંભીર બીમારી પહેલાં બરાબર એક વર્ષ અગાઉ તે પંજાબી ડૉકટર માંદા પડેલા. ખૂબ બીમાર હોવાથી તેમને ને તેમના કુટુંબીજનોને ઊગરવાની પણ આશા ન હોતી રહી. બીમારીમાં જ કોણ જાણે કેમ, પણ તેમને એક વિચાર આવ્યો કે યોગેશ્વરજીનાં દર્શને તેઓ આવ્યા નથી તેથી બીમાર પડ્યા છે. એ વિચાર તદ્દન વિચિત્ર હતો. કેમકે મારી પાસે ના આવે તે બીમાર પડે જ કેવી રીતે? પરંતુ ડૉકટરનો વિચાર કેમ કરીને ટળ્યો જ નહિ. પરિણામે એક સાંજે તેમની દીકરી મને આશ્રમ પર બોલાવવા આવી. હું દેવપ્રયાગમાં તેમની પાસે ગયો.

નીચે જઈને જોયું તો ડૉકટર તો પથારીવશ હતા. મને જોઈને તે રડી પડ્યા. તેમની સ્ત્રી ધર્મ ને ઈશ્વરમાં માનનારી હતી. છતાં તેની દશા કરુણ હતી. ડૉકટરને તે ગ્રંથસાહેબના વચનો સંભળાવી હિંમત આપવાનો પ્રયાસ કરતી હતી. તેમનાં સંતાનો પણ રડતાં હતાં. ડૉકટરે મને કહ્યું: ‘મને બચવાની આશા નથી. હવે આ બાળકોનું શું થશે? એવી ચિંતાથી દિલ દુભાય છે. ડૉકટરે દહેરાદુન જઈ ઓપરેશન કરાવવા કહ્યું છે. પણ તેમને ય દર્દ ખૂબ ભયંકર લાગે છે. તમે કંઈક આશીર્વાદ આપો તો કૃપા.’

પહેલી જ મુલાકાતમાં તેમની શ્રદ્ધા જોઈને મને આશ્ચર્ય થયું. આ પહેલાં મને તે કદી પણ મળ્યા ન હતા. રડતા રડતા તે મારા પગમાં પડી ગયા. બીજા બધાં પણ રડવા માંડ્યાં. રોગ, દુઃખ ને મૃત્યુ પાસે માનવીનું કૈં જ ચાલતું નથી. ભલભલા પુરુષો પણ તેની આગળ ડગી જાય છે. મેં ડૉકટરને શાંતિ ને ધીરજના બે શબ્દો કહ્યા–‘મારામાં બીજી



તો કોઇ શક્તિ નથી. પણ હું તમને ધીરજ આપી શકું છું. ઈશ્વરની દયાથી તમને આરામ થઈ જશે. તમે દહેરાદુન જરૂર જજો. ત્યાં દવા વિગેરે કરાવજો. ને હિંમત રાખજો. આવતે વરસે હું દેવપ્રયાગ આવીશ. ત્યારે તમે પૂર્ણ સ્વસ્થ થઇને મને મળશો. અત્યારે તો ચિંતા કરતાં દયાળુ પ્રભુને પ્રાર્થના કરો તે જ બરાબર છે.

આ પછી અમે છૂટા પડ્યા. ફરીવાર હું હિમાલય ગયો ત્યારે ડૉકટર સ્વસ્થ થઇ ગયા હતા. તે ઈશ્વરની જ કૃપા હતી. તે મને સહકુટુંબ આશ્રમ પર મળવા આવ્યા. તે પછી લગભગ ત્રણ મહિને મને ટાઇફોડ થયો. હવે મારી સેવા કરવાનો વારો ડૉકટરનો આવ્યો. તેમણે તે ફરજ આનંદથી ઉપાડી લીધી. તેમનો માયાળુ ને નમ્ર સ્વભાવ હંમેશ માટે યાદ રહી જશે. જે પ્રેમથી તેમણે મારી સેવા કરી તે સદાને માટે હૃદયમાં લખાઈ રહેશે.

૧૫મી ઓગસ્ટ તો ભયંકર બીમારીમાં જ ગઈ. મારે માટે હજી કેટલી યાતના બાકી છે? હે ગંગામાતા! હે હિમાલય! તમારી સાથેના મારા વસવાટને સફળ કરી દો. હે ચંદ્રમા, હે આકાશ, હે પૃથ્વી મારી સાધનાની સિદ્ધિને હવે સત્વર સાકાર કરી દો. પોતાની પૂર્ણતા ને સમસ્ત માનવ-જાતિની હિત–સાધના માટે તલસતા એક યુવાન તપસ્વી–તમારા બાળકની મનોકામના પૂરી કરો. મારા લગીર શા છતાં યે ભગીરથ પ્રયાસોથી હે મા! હે સાધનાની સંપૂર્ણ સિદ્ધિદેવી! તમે પ્રસન્ન બનો. (ક્રમશઃ)

## ૫. પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહને સહાય

યાત્રાધામ અંબાજી ખાતે બંધાતા ૫ પૂ. માતાજી જ્યોતિર્મયી વિશ્રામગૃહ માટે ભાવિકો તરફથી સહાય મળતી રહે છે. છેલ્લે મળેલ સહાયની વિગત આ પ્રમાણે છેઃ-

રૂા.
૫૧ શ્રી પ્રબોધભાઇ જે. પટેલ વડોદરા.
૫૧ શ્રી શંકરલાલ કે. પટેલ વડોદરા.
૫૦ શ્રી જે. એસ. ગજ્જર, લંડન.
૧૦૦ શ્રી હાટકેશ સત્સંગ મંડળ, રાજકોટ.
૧૦૦ મહંત શ્રી શિવગિરિ માધવગિરિ, મોટા ગોપનાથ.
૧૦૦ શ્રી કુંવરબેન પટેલ, મૂળી.
૧૦૦૦ શ્રી કૌશલ્યાબેન ધનસુખભાઈ પટેલ,
૫૧ ડૉ. જયાબેન ડી. દવે, અમદાવાદ.
૫૧ શ્રી રત્નકાન્તાબેન એ. દવે, અમદાવાદ.
૫૦૧ શ્રી તારાબેન ગિરજાશંકર ત્રિવેદી.
૧૦૦૦ સ્વ. હિમ્મતભાઈ ગુલાબરાય પારેખના સ્મરણાર્થે,
હા. દિલીપભાઇ તથા રમેશભાઇ બીકાનેર.
૨૦૦ શ્રી એક શ્રેયાર્થી તરફથી મોરબી.
૫૦,૦૦૦ એક સત્સંગીબેન તરફથી.
૨૫૧ શ્રી વિનોદાબેન વી. ત્રિવેદી, અમદાવાદ.
૨૫૧ શ્રી ભગવતીબેન આર. પટેલ અમદાવાદ.

સહાય કરનાર સહુને અભિનંદન.

## સદ્દભાવભરી ભેટ

અધ્યાત્મના વાંચકો નાના મોટા પ્રસંગોએ યાદ કરીને આધ્યાત્મને સદ્દભાવભરી ભેટ મોકલતા રહે છે. છેલ્લે મળેલી ભેટની વિગત નીચે પ્રમાણે છેઃ-



૧૧ ભાવનગરના એક સાધકભાઈ તરફથી.
૨૫ શ્રી ભૂપેન્દ્રભાઇ બી. સુરતિયા, ભરૂચ.
જુદા જુદા ચાર સંકલ્પોની સફળતાની પ્રાર્થના સાથે.
૧૧ એક શ્રેયાર્થી તરફથી.
૫૦ સોનેજી માલતીબેન વસંતલાલ, મોરબી.
૫૧ શ્રી સ્મિતાબેન કમલેશભાઇ તરફથી
ચિ. વિવેકની વર્ષગાંઠ નિમિત્તે.
૧૫ શ્રી ભૂપેન્દ્ર બી. સુરતિયા
૧૧ શ્રી દીપક ધીરજલાલ ભોજાણી, મોરબી.
૨૧ એક શુભેચ્છક તરફથી.

## લીલા સંવરણ દિનનો કાર્યક્રમ

પ. પૂ. મહાત્મા શ્રી યોગેશ્વરજીના તા. ૧૮-૩-૮૬ના રોજ આવતા બીજા લીલા સંવરણ દિન નિમિત્તે યોગેશ્વર ધ્યાન કેન્દ્ર, સુરત તરફથી એક દિવસની ધ્યાન સાધના શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે.

સ્થળ : સરદાર હોલ, સરદારનગર સોસાયટી, સુમુલ ડેરી રોડ, સ્ટેશન પાસે, સુરત.

સમય સવારે ૭-૦૦ થી સાંજે ૫-૦૦.

બહારગામથી આવનારા ભાઇ બહેનો માટે તા. ૧૭-૩-૮૬ ના સાંજથી ઉતારા તથા ભોજનની સગવડ હોલ ઉપર રાખવામાં આવી છે.

પ. પૂ. મા શ્રી સર્વેશ્વરી તા. ૧૬-૧૭-૧૮ માર્ચના રોજ સુરત છે, જેથી કાર્યક્રમનો તેમજ પૂ. માના સત્સંગનો લાભ લેવા આમંત્રણ છે.

સુરતના કાર્યક્રમ અંગે પત્રવ્યવહારનું સરનામુંઃ-શ્રી રમેશભાઇ પટેલ, ૨૩, શાન્તિ નિકેતન સોસાયટી, સુમુલ ડેરી રોડ, સુરત.

**✻ જાહેર વિનંતિ ✻**

સાધક ભાઇ–બહેનોને થયેલા ગુરુદેવ શ્રી યોગેશ્વરજીના તથા મા સર્વેશ્વરીના કૃપા પ્રસંગોનો શ્રદ્ધાભક્તિના ભાથા સ્વરૂપ એક સર્વોપયોગી સંચયગ્રંથ પ્રકાશિત કરવાનું આપણે વિચારી રહ્યા છીએ. તેથી સત્યને વફાદાર રહી પોતાને થયેલા અનુભવને પોતાની ભાષામાં કાગળની એક જ બાજુ પર, તા. ૩૧મી જુલાઈ ૧૯૮૬ સુધીમાં, નીચેના સરનામે મોકલવા સર્વેને વિનંતિ કરવામાં આવે છે.

તે ઉપરાંત, જેમની પાસે પૂ. શ્રી યોગેશ્વરજીના પત્રો હોય, તેની ઝેરોક્ષ નકલો પણ મોકલાવવા વિનંતી છે.

ઈશ્વરભાઈ પ્ર. પટેલ

મુ. પો. કપુરા. તા. વ્યારા, ૩૯૪૬૫૫. જિ. સુરત

સીધો રસ્તો જેવો સરળ છે તેવો જ કઠણ છે. એમ ન હોત તો સૌ સીધો રસ્તો જ લેત.

IS:10001

ઓ. ૨૮૪૧૭
ફે. ૩૧૭૬૦
ઘ. ૪૧૪૩૧

ખેતીની સિંચાઈ માટે વિશ્વસનીય એન્જીન
"સત્યવાન" તથા "ચંદન"
૬, ૮ તથા ૧૦ હો. પા.

-: બનાવનાર :-

કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ
ઢેબર રોડ, રાજકોટ-૨



# રામકથા

(ગતાંકથી ચાલુ)

યોગેશ્વરજી

[યોગેશ્વરજીની સિદ્ધકલમે આલેખાયેલ રામકથા]

લાગણીના આવેગને સહી ના શકવાથી એ વળી પાછા બેશુદ્ધ બની ગયા.

જોતજોતામાં તો એ સમાચાર આખા નગરમાં ફરી વળ્યા.

કૌશલ્યા ને સુમિત્રા તો એ સમાચાર સાંભળીને ઘણા દુઃખી થયા. પરંતુ મહર્ષિ વસિષ્ઠના વિષાદનો પાર ના રહ્યો.

રામનો રાજ્યાભિષેક અટકી પડ્યો એ હકીકતનો એટલો શોક સૌને થયો જેટલો રામને ના થયો.

પ્રજાજનો દુઃખમાં ડુબી ને કૈકેયને આવા અનિષ્ટ વરદાન માગવા બદલ ધિક્કારવા લાગ્યા.

સમસ્ત નગરવાસીઓનો હર્ષ ભયંકર વિષાદમાં પલટાઇ ગયો.

સૌના મુખ મંડળ ઉદાસીન બની ગયા.

લક્ષ્મણે ખિન્ન સ્વરે રામને કહી બતાવ્યું.

આ બધી કૈકેયીની કુટિલતા છે. એને વશ થવાનું કામ મને તો યોગ્ય નથી લાગતું. કૈકેયીને તમને વનમાં મોકલવાનો શો અધિકાર છે?

'આવી રીતે રોષે ભરાવું ઠીક નથી, લક્ષ્મણ ! કૈકેયીએ પોતાના બાકી રહેલા વરદાન માગ્યાં છે એટલુ જ. એને વરદાન માગવાની સ્વતંત્રતા હતી. આપણે હવે એ યોગ્યાયોગ્યતાની ચર્ચા નથી કરવાની, પરંતુ પિતાજીની પ્રતિષ્ઠાને સાચવી રાખવા માટે એના અમલની તૈયારી કરવાની છે.'

'મને તો એમ થાય છે કે આવી કઠોર અને અન્યાય યુકત માગણી કરવા બદલ કૈકેયીને ભારેમાં ભારે દંડ થવો જોઇએ.'

'બિલકુલ નહીં, એવો અમંગલ વિચાર પણ ન કરતો, એવો

વિચાર આપણને ના શોભે, કૈકેયી આપણી માતા બરોબર હોવાથી એના પ્રત્યે એવો વિચાર કે ભાવ ન સેવાય. વિધાતાએ જે કર્યું છે ને કરવા ધાર્યું છે તેમાં વરદાન માગીને એ તો માત્ર નિમિત્ત બની છે એટલુ જ. એવી રીતે વિચારવાથી મિથ્યા રોષ કે ક્રોધ નહીં થાય અને મન બૂરા દ્વેષભાવ કે પ્રતિશોધના ખ્યાલથી ભરાઇ પણ નહીં જાય.

'કૈકેયીને વરદાન માગવાનો અધિકાર આપ્યો એટલે એની માગણી અન્યાયી અથવા અધર્મયુક્ત હોય તોપણ તમારે કે રાજાએ માન્ય રાખવી જોઇએ એવું થોડું છે!

'એની માગણી ગમે તેવી હોય તો પણ પિતાજી એને માન્ય રાખવા બંધાયલા છે. એટલે મારાથી પણ એની અવગણના ના થઇ શકે. પરંતુ તું આટલો ઉત્તેજીત કેમ બની ગયો છે? મારે માટે વન પણ નંદવન જેવું બની રહેશે.

પરંતુ અયોધ્યાની શોભા સુકાઈ જશે. એનો આત્મા મરી જશે. અને એના કપાળમાં કાયમને માટે કલંક લાગશે.'

'સત્યના પાલનમાં એવી આપત્તિઓ તો અવશ્ય આવવાની પણ એવો વિચાર કરીને પ્રમાદી બનીને બેસી ના રહેવાય. છેવટે એનું પરિણામ સારું આવશે.'

'મારું મન તો એવું માનવા તૈયાર નથી થતું.'

## સીતાની તૈયારી

પોતાના રાજ્યાભિષેકની તૈયારી મુલતવી રહી, એને માટેની બધીજ યોજના સ્થગિત થઈ, અને એ મંગલ શુભ સમાચારને બદલે વનવાસનો અમંગલ અશુભ સંદેશ સાંભળવો પડ્યો તો પણ રામને વદને કોઈ પ્રકારનો શોક ના થયો.

એમના મુખમંડળ પર એવી જ પ્રસન્નતા ટપકી રહી.

એ પ્રસન્નતાનું મુખ્ય કારણ એમનો સત્યને માટેનો પ્રખર પ્રેમ અને પક્ષપાત હતો. એ પ્રેમ અને પક્ષપાત આગળ વ્યક્તિ



ગત સુખોપભોગ, લાભ કે સ્વાર્થનો વિચાર ટકતો ન હતો. એ વિચાર ગૌણ બની જતો.

પોતાની અંગત કામના તૃપ્તિ, અકાંક્ષાપૂર્તિ અથવા લાભ વૃત્તિને એ સત્યના આગ્રહ અને પાલન કરતાં વધારે શ્રેષ્ઠ ના માનતા, એટલે આવશ્યકતાનુસાર એનો ત્યાગ સ્વાભાવિક બની જતો. એને માટે જરૂરી ભોગ પણ હસતાં હસતાં ને સમજપૂર્વક આપી શકાતો, અને મનની શાંતિમાં કદી પણ ભંગ ના પડતો. મન એવું ને એવું જ સ્વસ્થ ને સ્થિર રહેતું. એમને માટે એવી વૃત્તિ સહજ હતી. એવો સ્વભાવ એમને વારસમાં મળ્યો હતો. એને લીધે એ સત્ય પરાયણ, અલિપ્ત ને નિર્વિકાર રહી શકતા. અત્યારે પણ એ એવા જ શાંત અને સ્વસ્થ હતા.

વહેલી સવારથી જે અસાધારણ કલ્પનાતીત ઘટના ચક્રનો આરંભ થયેલો એનો વિચાર કરતા એ સીતા પાસે આવી પહોંચ્યા. ત્યારે સીતા એમના સ્વાગત માટે આતુર થઈને ઉભી હતી. પ્રાસાદના પ્રવેશ દ્વાર પાસે આવીને એણે રામનો સ્મિત સાથે સત્કાર કર્યો.

રામે સ્વસ્થતાપૂર્વક સઘળી હકીકત કહી સંભળાવીને ઉપસંહારમાં કહ્યું : 'આજે મારો રાજ્યાભિષેક નથી થવાનો. એને બદલે મારે વનમાં જવાનું છે. મને રાજ્ય નથી મળ્યું, પણ ચૌદ વરસનો વનવાસ મળ્યો છે.' એ સમાચાર સાંભળીને સીતાનું સુધામય મુખ અત્યંત ઉદાસ બની ગયું. જાણે કે સરોવરમાં ખીલેલા કોઇક કમલિની એકાએક મ્લાન બનીને નીચે નમી ગઈ. એની આંખો ભરાઇ આવી. એનું મસ્તક ભાત ભાતના તર્કવિતર્ક કરવા માંડયું. એકાએક આ શું બની ગયું એની સમજ એને ના પડી. રામ એની મનોદશાને માપી જઇને બોલ્યા 'તને મારા વનગમનના સમાચાર આપીને મેં બહુ દુઃખી કરી દીધી ખરુને? પરંતુ એ સમાચાર તને પહોંચાડયા સિવાય છૂટકો ન હતો. આટલી મોટી ને મહત્ત્વની વાત તને જણાવવી તો જોઇએ જ ને?'

(ક્રમશઃ)

## દર મહિને રૂા.૧૦૦ છ વર્ષ સુધી બચાવો અને જિંદગીભર દર મહિને રૂા.૧૦૦ મેળવો



કેવી રીતે ? બહુ સીધી વાત :

રાષ્ટ્રીય બચત પત્રોની છઠ્ઠી શ્રેણીમાં



છ વર્ષે આ રકમ બમણી થાય છે.
એટલે કે,રૂા.૧૦૦ના
રૂા. ૨૦૧–૫૦ પૈસા થાય;
એમાંથી રૂા. ૧૦૧–૫૦ પૈસા તમે લઈ લ્યો.
અને બાકીના રૂા. ૧૦૦ દર મહિને
ફરીથી આ બચત યોજનામાં જમા કરાવો.
આમ દર મહિને તમને રૂા. ૧૦૦ મળ્યા કરશે.

આવા બચતપત્રો રૂા. ૧૦,
૫૦, ૧૦૦, ૫૦૦, ૧૦૦૦, ૫,૦૦૦
અને ૧૦,૦૦૦ ના મૂલ્યમાં મળે છે.

વાર્ષિક ૧૨ ટકા કરમુક્ત ચ.વૃ. વ્યાજ.

–સચિવ, નાની બચત અને
રાજ્ય લોટરી,ગુજરાત.


## શ્રદ્ધાંજલિ....પ્રેમાંજલિ...પ્રણુમાંજલિ

સન ૧૯૮૬ માર્ચ ૧૮મીના આપણે સૌ પૂ. શ્રી ગુરુદેવ યોગેશ્વરજીનો નિર્વાણદિન ઉજવીશું. જીવ જ્યારે શરીર ધારણ કરે ત્યારે જન્મનો આનંદ થાય અને જ્યારે શરીર છોડે ત્યારે મરણનો શોક થાય. ગીતા અને વેદમાં જણાવ્યું છે કે બીજો એક જન્મ છે જેને "દ્વિજ" તરીકે ઓળખાય છે. એટલે કે જીવનું શિવમાં રૂપાન્તર થવું. બીજા અર્થમાં આત્માની ઓળખાણ થવી. જીવનું પ્રભુમય બ્રહ્મસ્વરૂપ થઈ જવું. આ રૂપાન્તર થયા પછી તેના મરણનો ઉલ્લેખ નથી, કારણ કે આત્મા અમર છે બીજું કોઈ વધુ રૂપાન્તર થતું નથી, કારણ કે તે અદ્વૈત છે.

જન્મ અને મરણ જીવ માટે છે. શિવ માટે નથી. જેઓ દ્વિજ થયા છે તેમનો જન્મ પણ નથી અને મરણ પણ નથી. તેમનો જન્મ નથી કારણે દ્વિજ થવાનો કોઇ નક્કી સમય નથી. જીવના જન્મ અને મરણમાં આનંદ અને શોક થાય છે. પ્રભુનું સ્મરણ ઓછું થાય છે. પણ શિવના સ્વરૂપમાં વિલિન થતા શરીર માટે આનંદ અને શોક થતો નથી, પણ પ્રભુનું વધુ સ્મરણ થાય છે શિવ એ આદિ, મધ્ય અને અંતરહિત છે તેથી તેનો જીવનકાળ અવિરત છે, જન્મદિન કે મૃત્યુદિન હોતો નથી. એ તો માત્ર જીવ માટે જ હોય છે. તેથી જીવ એ બે દિવસોને મહત્વ આપે છે. આપણા જેવા જીવો માટે તે જ દિવસો મહત્ત્વના બને છે. પણ શિવ સ્વરૂપ, બ્રહ્મસ્વરૂપ રૂપાન્તર થયેલા પૂ. માને માટે તો બધા જ દિવસો સમરૂપ-સરખા પ્રભુમય બને છે. પૂ. મા સર્વેશ્વરીની કૃપાથી જો આપણે પૂ. ગુરુદેવના જન્મ અને નિર્વાણદિન સાથે આપણા જીવનના બધા જ દિવસો જો એક સરખા બનાવીએ–પ્રભુમય બનાવીએ તો આપણે સાચી શ્રદ્ધાંજલિ આપી ગણાય. એ પારસમણિ મળવો મુશ્કેલ છે પણ અશક્ય તો નથી જ. પૂ. મા પાસે આપણે એટલું જ માંગીએ કે આવી શ્રદ્ધાંજલિ આપવાની આપણને ઉજ્વળ તક આપે. શિવેતિ મંગલમ્.

**સુરેશ સી. દવે**

ટોરોન્ટો ધ્યાનકેન્દ્ર–કેનેડાના સૌજન્યથી

ॐ

હે સત્યશોધક,

વિરોધી વાતાવરણથી પ્રભાવિત થઈને સત્ય તરફની તારી શ્રધ્ધા ને નિષ્ઠામાંથી ડગતો નહિ; તારા સિદ્ધાંતોના પાલનમાં હિમાલય જેવો અચળ રહેજે; સર્વ સંકટોનો સામનો કરીને વીરની પેઠે આગળ વધતો રહેજે.

ધન વૈભવ કે યશની લાલસા કે શરીરસુખની તૃષ્ણામાં તણાઈને જીવનવિકાસના આદર્શને ભૂલી ન જતો. અપાર ઉત્સાહ ને પ્રબળપુરુષાર્થથી પ્રભુપર શ્રધ્ધા રાખી આગળ વધજે.

પ્રભુ તારી પાસે ને સાથે જ છે. પ્રભુની કૃપાથી જીવનધ્યેય એક ધન્યપળે જરૂર પૂર્ણ થશે જ.

— મહાત્મા શ્રી યોગેશ્વરજી
"ઉપનિષદનું અમૃત"

રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, બોરડીગેટ. ભાવનગર-૧